વડોદરાથી દર શુક્રવારે પ્રસિધ્ધ થતુ નિડર અને નિષ્પક્ષ અખબાર
@dailypulsenews24
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.

# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીસ મો. ૯૯૦૯૯ ૧૧૧૭૫ | R.N.I. NO : GJGUJ/25/A1447

Year : 1 • Issue : 20 • Date :- 14-11-2025 - Friday • Price Rs. 2 • Place Of Publication :- 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007

વર્ષ : ૦૧ | અંક : ૨૦ | તા. ૧૪-૧૧-૨૦૨૫ શુક્રવાર | વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/- | છુટક નકલ : કિંમત રૂા. ૨/- | ૭૦૩ સ્ટારલાઈન કોમ્પલેક્ષ, અલકાપુરી, સરકીટ હાઉસ સામે, વડોદરા-૩૯૦૦૦૭

# ફરીદાબાદની મેડિકલ કોલેજમાંથી બે AK-47 અને ૩૫૦ કિલો RDX જપ્ત

## મેડિકલ કોલેજ કેસમાં ધરપકડ કરાયેલા અન્ય એક ડોક્ટર દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે જમ્મુ અને કાશ્મીર પોલીસે કાર્યવાહી કરી હતી

ફરીદાબાદ,

હરિયાણાના ફરીદાબાદ જિલ્લામાં એક મેડિકલ કોલેજમાંથી બે **AK-47** રાઈફલ અને અંદાજે ૩૫૦ કિલોગ્રામ વિસ્ફોટકો મળી આવ્યા છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે આ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. મેડિકલ કોલેજ કેસમાં ધરપકડ કરાયેલા અન્ય એક ડોક્ટર દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે જમ્મુ અને કાશ્મીર પોલીસે ફરીદાબાદમાં કાર્યવાહી કરી હતી. અગાઉ, અનંતનાગમાં સરકારી મેડિકલ કોલેજમાં ડૉ. આદિલના લોકરમાંથી એક **AK-47** રાઈફલ મળી આવી હતી. આદિલની ધરપકડ બાદ બીજા એક ડોકટરની પણ અટકાયત કરવામાં આવી હતી.

પોલીસ તપાસ ડૉ. આદિલથી શરૂ થઈ હતી, જે થોડા દિવસો પહેલા શ્રીનગરમાં આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના પોસ્ટર લગાવવાના આરોપમાં સહારનપુર (ઉત્તર પ્રદેશ)માં ધરપકડ કરાયેલા ડૉક્ટર હતા. ડૉ. આદિલ જમ્મુ અને કાશ્મીરના અનંતનાગમાં સરકારી મેડિકલ કોલેજમાં રેસિડેન્ટ ડૉક્ટર તરીકે કામ કરતા હતા. તેમની ધરપકડ બાદ પોલીસે તેમના જૂના લોકરની તપાસ કરી અને એક **AK-47** રાઈફલ મળી આવી.ડો. આદિલની ધરપકડ બાદ પોલીસે અનંતનાગથી બીજા ડોક્ટરની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન આ ડોકટરે મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડી, જેના કારણે પોલીસ ટીમ હરિયાણાના ફરીદાબાદ ગઈ હતી. ત્યાં બીજા ડોક્ટરના ફ્લેટ પર દરોડા પાડવામાં આવ્યા બાદ બે **AK-47** રાઈફલ અને મોટી માત્રામાં વિસ્ફોટકો મળી આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ત્રણ ડોક્ટર સતત સંપર્કમાં હતા અને તેમના તાર દક્ષિણ કાશ્મીરના કેટલાક વિસ્તારોથી હરિયાણા સુધી ફેલાયેલા હતા.જમ્મુ અને કાશ્મીર પોલીસના વરિષ્ઠ અધિકારીઓ કહે છે કે આ કેસ હવે ફક્ત પોસ્ટરો અથવા વ્યક્તિગત સંડોવણી કરતાં ઘણો વ્યાપક છે. પ્રારંભિક તપાસમાં એક સંગઠિત નેટવર્કનો ખુલાસો થયો છે જે તબીબી સંસ્થાઓના આડમાં આતંકવાદીઓને મદદ કરી રહ્યું હતું.પોલીસે જણાવ્યું હતું કે આગામી ત્રણથી ચાર કલાકમાં આ કેસમાં મોટી સફળતા મળશે. પ્રારંભિક અહેવાલો અનુસાર, અત્યાર સુધીમાં ત્રણ ડોકટરોની ધરપકડ કરવામાં આવી છે અને ઘણા વધુ નામોની તપાસ ચાલી રહી છે.

છેલ્લા ત્રણ દિવસથી, જમ્મુ અને કાશ્મીર પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ સતત દરોડા પાડી રહી છે. અહેવાલ મુજબ આશરે ૫૦૦ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે અને ૩૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે અથવા અટકાયત કરવામાં આવી છે. આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે તે બધાની પૂછપરછ કરવામાં આવી રહી છે.

ફરીદાબાદમાં વિસ્ફોટકો મળ્યા બાદ સ્થાનિક પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓને એલર્ટ કરવામાં આવી છે. **NIA** અને ઈન્ટેલિજન્સ બ્યુરોની ટીમો પણ તપાસમાં જોડાઈ છે. ફોરેન્સિક ટીમોએ જપ્ત કરેલા શસ્ત્રો અને વિસ્ફોટકો જપ્ત કર્યા છે અને હાલમાં તેમની તપાસ કરી રહી છે.

આ સમગ્ર કેસથી તબીબી સમુદાયમાં પણ ખળભળાટ મચી ગયો છે. આવા આતંકવાદી કાવતરામાં શિક્ષિત અને જવાબદાર ડોકટરો કેવી રીતે સામેલ થઈ શકે છે તે અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. પોલીસ તપાસ કરી રહી છે કે શું આ વ્યક્તિઓ કોઈ આતંકવાદી સંગઠન પાસેથી ભંડોળ કે સમર્થન મેળવી રહ્યા હતા કે દબાણ હેઠળ કામ કરી રહ્યા હતા. જમ્મુ અને કાશ્મીર પોલીસે સ્પષ્ટતા કરી છે કે આ અંગે તપાસ ચાલુ છે અને આ સમગ્ર કાવતરા પાછળનો "માસ્ટરમાઈન્ડ" ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. અધિકારીઓના મતે, આ ફક્ત જમ્મુ અને કાશ્મીર જ નહીં પરંતુ સમગ્ર દેશમાં ફેલાયેલા નેટવર્કનો ભાગ હોઈ શકે છે.

## ગુજરાત ATS બાદ જમ્મૂ કશ્મીર પોલીસની મોટી કાર્યવાહી




### સુપ્રીમ કોર્ટે ટાઈમલાઈન માંગી

# લોકસભા અને વિધાનસભામાં મહિલા અનામત મુદ્દે સુપ્રીમ કોર્ટની કેન્દ્રને નોટિસ

## કોંગ્રેસ નેતા જયા ઠાકુરે કોર્ટમાં અરજી દાખલ કરી છે, તેમાં માંગ કરાઈ છે કે, મહિલા અનામત તાત્કાલિક લાગુ કરવામાં આવે

નવી દિલ્હી,

લોકસભા અને વિધાનસભામાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપતા 'નારી શક્તિ વંદન અધિનિયમ' (મહિલા અનામત કાયદો)ના અમલને લઈને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. કોર્ટે સરકારને પૂછ્યું છે કે, આ કાયદો લાગુ કરવા માટેની સમયરેખા શું છે ? કોર્ટે એમ પણ કહ્યું કે, સંસદ દ્વારા કાયદો પસાર થઈ ગયો હોવા છતાં તેને લાગુ કરવામાં વિલંબ શા માટે થઈ રહ્યો છે? વાસ્તવમાં કોંગ્રેસ નેતા જયા ઠાકુરે કોર્ટમાં અરજી દાખલ કરી છે. તેમાં માંગ કરાઈ છે કે, મહિલા અનામત તાત્કાલિક લાગુ કરવામાં આવે. અરજીમાં કહેવાયું છે કે, કાયદામાં રાખવામાં આવેલી 'પરિસીમન પછી લાગુ કરવાની' શરતને દૂર કરવામાં આવે અને અનામત તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવે. સુનાવણી દરમિયાન વરિષ્ઠ અધિવક્તા શોભા ગુપ્તાએ કહ્યું કે, 'જ્યારે આ કાયદો નારી શક્તિ વંદન અધિનિયમના નામથી પસાર થયો છે, તો તેને લાગુ કરવામાં વિલંબ શા માટે થઈ રહ્યો છે? આ દુઃખદ છે કે, આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ આપણે સંસદમાં પ્રતિનિધિત્વ માટે અનામત માંગવું પડી રહ્યું છે. જો એસસી-એસટી માટે વસતી ગણતરી કે પરિસીમન વગર અનામત લાગુ કરી શકાય છે, તો મહિલાઓ માટે અનામત કેમ લાગુ કરી શકાયો નથી? સંસદે મહિલા અનામનો કાયદો વિશેષ સત્રમાં પસાર કર્યો હતો, જે દર્શાવે છે કે સરકાર પાસે જરૂરી ડેટા પહેલેથી જ ઉપલબ્ધ હતો.' જસ્ટિસ જે. નાગરત્નાએ કહ્યું કે, મહિલાઓ દેશની સૌથી મોટી લઘુમતી છે. તેમણે કેન્દ્ર સરકારને પૂછ્યું કે પરિસીમનની પ્રક્રિયા ક્યારે શરૂ થશે? કાયદો લાગુ કરવો એ સરકાર અને કાર્યપાલિકાની જવાબદારી છે, પરંતુ અદાલત ચોક્કસ પૂછી શકે છે કે, તેને લાગુ કરવાની ટાઈમલાઈન શું છે? છેવટે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ જારી કરીને નિર્દેશ આપ્યો છે કે, કેન્દ્ર સરકાર સ્પષ્ટ કરે કે, વસ્તી ગણતરી અને પરિસીમનની પ્રક્રિયા ક્યારે શરૂ થશે અને મહિલા અનામત ક્યારે લાગુ કરવામાં આવશે?

### તેજસ્વી યાદવે મોદી પર પણ આકરા પ્રહાર કર્યા

# બિહારમાં મોટાભાગના ઓબ્ઝર્વર-અર્ધસૈનિક દળ ભાજપ શાસિત રાજ્યોનાં

પટણા,

આરજેડી નેતા તેજસ્વી યાદવે બિહારમાં બીજા તબક્કાના મતદાનના એક દિવસ અગાઉ યોજેલી એક પ્રેસ કોન્ફરન્સમાં એનડીએ સરકાર પર નિશાન સાધ્યું અને અનેક આક્ષેપો કર્યા. તેમણે કહ્યું કે, ૨૦ વર્ષ સુધી ચાલેલી સરકાર દરમિયાન બિહારમાં ગરીબી, બેરોજગારી અને સ્થળાંતર ચરમસીમાએ પહોંચ્યું છે. આટલા લાંબા સમયમાં અહીં નવી ફેક્ટરીઓ કે ઉદ્યોગોની સ્થાપના થઈ નથી, જેના કારણે લોકોને રોજગાર મળી શક્યો નથી. તેજસ્વીએ દાવો કર્યો કે જો ડબલ એન્જિન સરકારની ઈચ્છા હોત તો બિહાર ૨૦ વર્ષમાં દેશમાં પ્રથમ ક્રમાંક પર આવી શક્યું હોત.

તેજસ્વી યાદવે વધુમાં કહ્યું કે, અમિત શાહ બિહારને વસાહતી રાજ્ય બનાવવા માંગે છે, જ્યાં બહારના લોકો કબજો કરી લે. પરંતુ, અમે બિહારીઓ આ થવા નહીં દઈએ. આ ચૂંટણીમાં જનતા દ્વારા જડબાતોડ જવાબ આપવામાં આવશે.તેજસ્વી યાદવે ટિપ્પણી કરી કે, પીએમ મોદી બિહારમાં જે વાતો કરી રહ્યા છે, તે જો તેમણે ગુજરાતમાં કરી હોત તો વધુ યોગ્ય ગણાત. તેમની પાસે ન કોઈ વિઝન છે, ન કોઈ રોડમેપ. તેઓ માત્ર ખોટા વચનો આપી રહ્યા છે. વડાપ્રધાન પાસે આટલો બધો ફુરસતનો સમય ક્યાંથી આવ્યો? તેઓ હાલમાં કઈ વેબ સિરીઝ જોઈ રહ્યા છે?વધુમાં તેમણે કહ્યું, મેં બિહારમાં લાખો પેન (શિક્ષણ માટે) અને નોકરીઓ વહેંચી, પરંતુ વડાપ્રધાનને તે દેખાયું નથી. તેમને દિલીપ જયસ્વાલ, સમ્રાટ ચૌધરી અને મંગલ પાંડેનો કૌભાંડ પણ દેખાતો નથી. પીએમ પર સીધો હુમલો કરતા તેમણે સવાલ કર્યો, તમે કુખ્યાત ગુનેગારો સાથે મંચ શેર કરો છો, શું તેઓ તમને સાધુ-મહાત્મા જેવા લાગે છે? તેજસ્વી યાદવે આરોપ લગાવ્યો કે વડાપ્રધાન દ્વારા સૃજન કૌભાંડના આરોપી બિપિન શર્માને એરપોર્ટ પર બોલાવીને તેમની પીઠ થપથપાવવામાં આવી હતી. તમારા કહેવામાં અને કરવામાં મોટું અંતર છે. આ ઘટનાઓને કારણે, તમને બિહાર આવતા શરમ આવવી જોઈએ. તેજસ્વીએ ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર ગંભીર સવાલો ઉઠાવતા કહ્યું કે, કુલ પોલીસ ઓબ્ઝર્વરમાંથી ૬૮ ટકા નિરીક્ષકો ભાજપ શાસિત રાજ્યોમાંથી છે. આ ઉપરાંત, સ્ટ્રોંગ રૂમમાં લગાવેલા સીસીટીવી કેમેરા પણ વારંવાર બંધ થઈ રહ્યા છે. ચૂંટણીની સુરક્ષા માટે આવેલી ૨૦૮ કંપનીઓ પણ ભાજપ શાસિત રાજ્યોમાંથી જ લાવવામાં આવી છે. એવું લાગે છે કે ભાજપ જેટલું પાપ કરશે, ચૂંટણી પંચ તે બધાને ધોઈ નાખવાનું કામ કરશે.ચૂંટણી પંચ પર સવાલ ઉઠાવતા તેજસ્વી યાદવે પૂછ્યું કે, મતદાનના આંકડા કેમ છુપાવવામાં આવી રહ્યા છે અને કેટલા પુરુષો-મહિલાઓએ મતદાન કર્યું તેની માહિતી જાહેર કેમ થતી નથી? તેમણે કટાક્ષ કર્યો કે, શું આ મજાક છે? પીએમ મોદી અને અમિત શાહના જમાનામાં ચૂંટણી પંચ ઠપ થઈ ગયું છે.

### સુપ્રીમમાં અરજદારે AI ના ઉપયોગ અંગે દલીલ કરી

# સુપ્રીમ કોર્ટે AI ના જોખમો પર પણ ધ્યાન આપવું જોઈએ



નવી દિલ્હી,

કોર્ટમાં **AI** ના ઉપયોગ અંગે યોગ્ય નિયમોની માંગ કરતી અરજીની સુનાવણી થઈ હતી. આ દરમિયાન, સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે, તે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (**AI**) નો ઉપયોગ કરીને બનાવેલા નકલી વીડિયોથી વાકેફ છે. મુખ્ય ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈ (**CJI BR** ગવઈ) એ જણાવ્યું હતું કે, તેમણે અને તેમના સાથી ન્યાયાધીશ વિનોદ ચંદ્રએ પણ પોતાના નકલી વીડિયો જોયા છે.મુખ્ય ન્યાયાધીશ તેમના પર ફેંકવામાં આવેલા જૂતાના નકલી વીડિયોનો ઉલ્લેખ કરી રહ્યા હોવાનું માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, ૬ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ, લગભગ ૧૧:૩૫ વાગ્યે, એક વકીલે મુખ્ય ન્યાયાધીશ પર જૂતું ફેંક્યું હતું, પરંતુ તે તેમના સુધી પહોંચ્યું ન હતું. આ ઘટનાનો કોઈ સ્પષ્ટ વીડિયો નહોતો, પરંતુ પાછળથી સોશિયલ મીડિયા પર એક નકલી વીડિયો વાયરલ થયો હતો, જેમાં ચીફ જસ્ટિસ પાસેથી જૂતું પસાર થતું જોવા મળ્યું હતું.જણાવી દઈએ કે, સુપ્રીમ કોર્ટે બે અઠવાડિયા પછી અરજીની સુનાવણી માટે સમય નક્કી કર્યો છે. આ મહિને નિવૃત્ત થઈ રહેલા મુખ્ય ન્યાયાધીશ ગવઈએ સંકેત આપ્યો હતો કે, તેઓ કેસની સુનાવણી કરવા માંગતા નથી. તેમણે અરજદાર કાર્તિકેય રાવલનું પ્રતિનિધિત્વ કરતા વકીલને પૂછ્યું કે, "તમે શું ઈચ્છો છો? શું હું અરજી રદ કરું કે, બે અઠવાડિયા પછી સુનાવણી માટે સમય નક્કી કરવો જોઈએ?" અરજીમાં જણાવાયું છે કે, હવે અદાલતો પોતે **AI**નો ઉપયોગ કરે છે, પરંતુ આ ઉપયોગ સકારાત્મક હેતુઓ માટે થઈ રહ્યો છે. જોકે, કોર્ટે **AI**ના જોખમો પર પણ ધ્યાન આપવું જોઈએ. જનરેટિવ છૈં ઉપલબ્ધ ડેટાનું વિશ્લેષણ કરે છે અને તારણો કાઢે છે. આ ટેકનોલોજી ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી માહિતી ઉત્પન્ન કરે તેવી શક્યતા છે. પૂરી પાડવામાં આવેલી માહિતીમાં પારદર્શિતાનો અભાવ છે અને તે પક્ષપાતી હોઈ શકે છે. અરજદારે માંગ કરી છે કે, કોર્ટ **AI** ટેકનોલોજીના ઉપયોગ માટે માર્ગદર્શિકા નક્કી કરે જેથી ખાતરી કરી શકાય કે, ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી છૈં સામગ્રીથી ન્યાયિક પ્રક્રિયા પ્રભાવિત ન થાય. અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, કોર્ટની કાર્યવાહીના મોર્ફ કરેલા વીડિયો ન્યાયતંત્રની વિશ્વસનીયતાને નુકસાન પહોંચાડી શકે છે અને લોકોમાં ખોટી છાપ ઉભી કરી શકે છે.

# દિલ્હીમાં AQI ૩૦૦ને પાર જતાં શ્વાસ લેવામાં મુશ્કેલી

નવી દિલ્હી,

દિલ્હી અને તેની આસપાસના **NCR** વિસ્તારમાં વાયુ પ્રદૂષણની સ્થિતિ ફરી ગંભીર બની છે, સમગ્ર શહેર પર ધુમાડાનું ગાઢ આવરણ છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (**CPCB**) મુજબ, સોમવારે સવારે દિલ્હીનો સરેરાશ **AQI 372** (ગંભીર શ્રેણી) નોંધાયો, જે સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે.શહેરના મોટાભાગના વિસ્તારોમાં **AQI** ૩૦૦થી ૪૦૦ વચ્ચે રહ્યો. **NCR** શહેરોમાં પણ સ્થિતિ ખરાબ છે, જેમાં ફરીદાબાદ (૩૧૨), ગાઝિયાબાદ (૩૧૮), ગ્રેટર નોઈડા (૩૨૫), ગુરુગ્રામ (૩૨૮) અને નોઈડા(૩૧૦)માં **AQI** અત્યંત ખરાબથી ગંભીર શ્રેણીમાં નોંધાયો છે.પર્યાવરણ નિષ્ણાતોના મતે, લાંબા સમય સુધી આ પ્રદૂષિત હવામાં રહેવાથી શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં બળતરા તથા હૃદય અને ફેફસાંની બીમારીઓ વધી શકે છે. ઘણા લોકોએ શ્વાસ ફૂલવો, ગળામાં ખંજવાળ આવવાની ફરિયાદો કરી છે. બીજી તરફ, દિલ્હી-એનસીઆરમાં ઠંડી પણ વધી રહી છે. લઘુત્તમ તાપમાન **11°C** (સામાન્ય કરતાં ૩ ડિગ્રી ઓછું) અને દિવસનું તાપમાન **27-28°C** આસપાસ જળવાયું છે. હવામાન વિભાગ અનુસાર, ૧૫-૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઠંડી હવાને કારણે સવાર-સાંજ વધુ ઠંડી અનુભવાશે.હવામાન વૈજ્ઞાનિકો અનુસાર, હવાની ધીમી ગતિ, તાપમાનમાં ઘટાડો અને વધેલા ભેજના કારણે પ્રદૂષકો હવામાં ઉપર જઈ શકતા નથી. તેમજ આસપાસના રાજ્યોમાં પરાળ સળગાવવાથી ધુમાડો અને પ્રદૂષણનું સ્તર ગાઢ બની રહ્યું છે. જેથી સરકાર દ્વારા વાહનો પર પ્રતિબંધ, બાંધકામ નિયંત્રણ અને એન્ટી-સ્મોગ ગનનો ઉપયોગ જેવા પગલાં લેવા છતાં પરિસ્થિતિમાં ખાસ સુધારો જોવા મળતો નથી. ડૉક્ટરોની સલાહ છે કે, લોકો, ખાસ કરીને બાળકો અને વૃદ્ધો, બહાર ઓછું નીકળે અને બહાર જાય ત્યારે ન્-૯૫ માસ્ક પહેરે.દિલ્હી-એનસીઆરમાં વધી રહેલું વાયુ પ્રદૂષણ, જેની ગુણવત્તા ગંભીર શ્રેણીમાં પહોંચી ગઈ છે, તે હવે લોકોના સ્વાસ્થ્યની સાથે કારોબાર પર પણ ગંભીર અસર કરી રહ્યું છે. રિટેલ બજારોમાં ગ્રાહકો ખરીદી માટે આવવાનું ટાળતા હોવાથી વેપારીઓની ચિંતા વધી છે.આ ગંભીર પરિસ્થિતિને લઈને ચેમ્બર ઑફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી(**CTI**)ના ચેરમેન બ્રિજેશ ગોયલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. તેમણે પ્રદૂષણ નિયંત્રણ માટે દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનની સરકારોની ઈમરજન્સી મીટિંગ બોલાવવાની માંગ કરી છે.

### આધુનિક મોડેલોના આધારે વિકાસ કરાશે

# દિલ્હીનું જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ તોડી પાડવામાં આવશે




નવી દિલ્હી,

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં એક મોટા સ્પોર્ટ્સ પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રમતગમત મંત્રાલયના ટોચના સૂત્રોના જણાવ્યા અનુસાર, જવાહરલાલ નહેરુ સ્ટેડિયમને તોડીને તેના સ્થાને એક નવું 'સ્પોર્ટ્સ સિટી' બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ ૧૦૨ એકરમાં ફેલાયેલો હશે.

આ નવા સ્પોર્ટ્સ સિટીના નિર્માણ માટે કતાર અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં ઉપયોગમાં લેવાતા આધુનિક રમતગમત મોડેલોનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટનો હેતુ દિલ્હીમાં એક અત્યાધુનિક રમતગમત માળખાકીય સુવિધા બનાવવાનો છે જે આંતરરાષ્ટ્રીય ધોરણોને પૂર્ણ કરે છે. મળતી માહિતી અનુસાર, જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ હાલમાં જે જમીન પર ઉભું છે તેનો સંપૂર્ણ પુનર્વિકાસ કરવામાં આવશે. નવું સ્પોર્ટ્સ સિટી ૧૦૨ એકરમાં ફેલાયેલું હશે, જે તેને દેશની અગ્રણી રમતગમત સુવિધાઓમાંનું એક બનાવશે. આ પ્રોજેક્ટનો હેતુ રમતગમતને સમર્પિત એક સંકલિત અને આધુનિક રમતગમત કેન્દ્ર સ્થાપિત કરવાનો છે.

નવું રમતગમત શહેર વિશ્વસ્તરીય છે તેની ખાતરી કરવા માટે, રમતગમત મંત્રાલયની ટીમો કતાર અને ઓસ્ટ્રેલિયામાં સફળ રમતગમત મોડેલોનો સંપૂર્ણ અભ્યાસ કરી રહી છે. આ આંતરરાષ્ટ્રીય મોડેલોનો અભ્યાસ ડિઝાઈન અને સુવિધાઓને અંતિમ સ્વરૂપ આપવા હમાટે કરવામાં આવશે.

જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ૧૯૮૨ એશિયન ગેમ્સ માટે બનાવવામાં આવ્યું હતું અને બાદમાં ૨૦૧૦ કોમનવેલ્થ ગેમ્સ માટે તેનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું. તે લાંબા સમયથી ભારતના સૌથી ફેમસ મલ્ટી-સ્પોર્ટ્સ ગ્રાઉન્ડમાંનું એક રહ્યું છે. આશરે ૬૦,૦૦૦ લોકોની ક્ષમતા સાથે આ સ્ટેડિયમમાં મુખ્ય એથ્લેટિક્સ ઈવેન્ટ્સ, ફૂટબોલ મેચો, મુખ્ય કોન્સર્ટ અને નેશનલ સેલિબ્રેશનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીનો સમાવેશ થાય છે. ઐતિહાસિક રીતે, આ સ્ટેડિયમ રાષ્ટ્રીય એથ્લેટિક્સ ટીમનું હોમ વેન્યુ રહ્યું છે અને ચાર દાયકાથી વધુ સમયથી ભારતના રમતગમત ઈતિહાસમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

તંત્રી લેખ

# સરસ્વતી મંદિરોમાં તણાવ

દેશમાં માત્ર એક વર્ષમાં લગભગ ૧૪ હજાર વિદ્યાર્થીઓ આત્મહત્યા કરે છે તે જોઈને દેશનો વિશાળ વાલી વર્ગ બહુ વ્યથિત છે. આનો સીધો અર્થ છે કે વિદ્યાજગત કંઈક આડે પાટે ચાલે છે. પહેલી નજરે, આત્મહત્યાના મૂળ કારણો શૈક્ષણિક દબાણ, વિદ્યાર્થીઓની નબળાઈ અને પ્રણાલીગત નિષ્ફળતાને આભારી હોઈ શકે છે. પરંતુ પ્રશ્ન એ છે કે આપણી વ્યવસ્થા કેમ અસંવેદનશીલ રહી છે? આ જ કારણ છે કે હમણાં સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારોને સમન્સ પાઠવીને વિગતવાર ખુલાસો માંગ્યો છે. ઉપરાંત, પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે શું દેશની તમામ શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી રહી છે? વિડંબના એ છે કે દેશમાં ઊંચા પગારવાળી નોકરીઓ માટેની કોઈ સ્પર્ધામાં, શૈક્ષણિક સંસ્થાઓ અને શિક્ષકો વિદ્યાર્થીઓને વિષય આધારિત શિક્ષણ આપવાની અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં જીવવાની કળા શીખવવાની જવાબદારી ભૂલી ગયા છે. તેમને વ્યવહારુ જીવન કૌશલ શીખવવાની સાથે, આપણે તેમને પડકારોનો સામનો કરવા માટે માનસિક શક્તિ વિકસાવવા માટે પણ તૈયાર કરી શકીએ છીએ. પણ તેમ થતું નથી. કયા સંજોગોમાં પરિવારના આશાવાદીઓ મૃત્યુને પોતાનો છેલ્લો ઉપાય માને છે? શૈક્ષણિક કેમ્પસમાં એવી પરિસ્થિતિઓ કેમ વિકસી રહી છે કે વિદ્યાર્થીઓ જીવનથી હાર માની રહ્યા છે? શૈક્ષણિક સંસ્થાઓનો એકમાત્ર ધ્યેય પુસ્તકિયું જ્ઞાન આપવાનું અને ડિગ્રીઓનું વિતરણ કરવાનું ન હોઈ શકે. શૈક્ષણિક સંસ્થાઓના મેનેજમેન્ટે તેમના કેમ્પસમાં સમાનતા, કરુણા અને આરામનું વાતાવરણ પણ ઉભું કરવું જોઈએ. જ્યાં કોઈ તણાવ, માનસિક તકલીફ કે ભેદભાવ ન હોય, અને જ્યાં અસરકારક ફરિયાદ નિવારણ વ્યવસ્થા વિકસાવવામાં આવી હોય.

આ અભાવને કારણે, સરસ્વતીના મંદિરોમાં તણાવ વધી રહ્યો છે. આપણા નીતિ ઘડવૈયાઓ આ દયનીય પરિસ્થિતિને કાબુમાં લેવા માટે કોઈ ગંભીર પહેલ કરી રહ્યા હોય તેવું લાગતું નથી. જ્યારે ઉચ્ચ કક્ષાના રાજકારણીઓ લોકશાહીવાદી પગલાંની જાહેરાતો કરે છે, ત્યારે પણ જમીની વાસ્તવિકતાઓ યથાવત રહે છે. પ્રશ્ન એ પણ ઊભો થાય છે કે શૈક્ષણિક કેમ્પસમાં આત્મહત્યા રોકવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ જે પગલાં લેવા જોઈએ તે અંગે દેશની સર્વોચ્ચ અદાલતે પહેલ શા માટે કરવી જોઈએ? આ મામલે કડક વલણ અપનાવતા, સુપ્રીમ કોર્ટે કહેવું પડયું કે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ આઠ અઠવાડિયાની અંદર વિગતવાર માહિતી સબમિટ કરવી પડશે, જે આત્મહત્યા નિવારણ માટેની માર્ગદર્શિકાના અમલીકરણને સુનિશ્ચિત કરશે. દુઃખદ પરિસ્થિતિ એ છે કે દેશમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાના કિસ્સાઓ સતત વધી રહ્યા છે.

આ વાતની પુષ્ટિ નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો દ્વારા જ કરવામાં આવી રહી છે. જે સ્વીકારે છે કે વર્ષ ૨૦૨૩ માં દેશની શૈક્ષણિક સંસ્થાઓમાં ૧૩,૮૯૨ વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા છે. સૌથી દુઃખદ પરિસ્થિતિ એ છે કે છેલ્લા દાયકામાં આ સંખ્યામાં પાંસઠ ટકાનો વધારો થયો છે. જો આપણે આ આંકડાની સરખામણી વર્ષ ૨૦૧૯ સાથે કરીએ, તો આ વધારો ચોત્રીસ ટકા નોંધાયો છે. સ્પષ્ટપણે, આ વધારો વિદ્યાર્થીઓની માનસિક વેદના, હતાશા અને ભવિષ્ય વિશેની નિરાશાને પ્રતિબિંબિત કરે છે. આપણી શિક્ષણ પ્રણાલીની ખામીઓ પણ આ આત્મહત્યાઓના મૂળમાં છે. દેશભરમાં ભાષા અને બોર્ડ સ્તરે અભ્યાસક્રમ અને શિક્ષણના ધોરણોમાં નોંધપાત્ર તફાવત છે. શ્રીમંતોના બાળકો મોંઘી શાળાઓમાં ભણે છે, અને બાકીની ખાલી જગ્યાઓ તેમના મોંઘા કોચિંગ સેન્ટરો દ્વારા ભરવામાં આવે છે. શિક્ષણના માધ્યમથી અભ્યાસ કરતા લાખો વિદ્યાર્થીઓ પોતાની બધી શક્તિ પોતાના જ્ઞાનનું અંગ્રેજીમાં ભાષાંતર કરવામાં ખર્ચ કરે છે. સમય જતાં, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં તેમનામાં હીનતાની ભાવના વિકસે છે. જે આગળ જતાં દુષ્પરિણામોને નોંતરે છે.

માતાપિતાનાં સપનાઓ પણ વિદ્યાર્થીઓને અપરાધભાવથી ભરી દે છે. અભ્યાસના દબાણ ઉપરાંત, શૈક્ષણિક સંસ્થાઓના કેમ્પસમાં હિંસા અને જાતિ ભેદભાવના અહેવાલો પણ સંવેદનશીલ વિદ્યાર્થીઓને હતાશાથી ભરી દે છે. સતર્કતા અને સંવેદનશીલતા સાથે, વિદ્યાર્થીઓને આવી પરિસ્થિતિઓથી બચાવી શકાય છે. આ જ કારણ છે કે દેશની સર્વોચ્ચ અદાલતે પોતાના નિર્ણયમાં શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારને જરૂરી માર્ગદર્શિકા પૂરી પાડી છે. દેશના યુવાનોમાં આત્મહત્યાની વૃત્તિ રાષ્ટ્ર માટે એક ગંભીર નુકસાન છે, જે સમસ્યાને તાત્કાલિક રીતે ઉકેલવાની જરૂર છે.

આગ લગાવતા પહેલા વીડિયોમાં ઉજ્જવલના ગંભીર આરોપો

# મુઝફ્ફરનગરમાં ફી ન ભરી એટલે પરીક્ષામાં બેસવા ન દેનારા, વિદ્યાર્થીએ આત્મવિલોપન કર્યું



મુઝફ્ફરનગર, ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગર ના બુઢાણા સ્થિત ડીએવી કોલેજમાં બી.એ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરતા ૨૨ વર્ષીય વિદ્યાર્થી ઉજ્જવલ રાણા, જે બાગપત જિલ્લાના ભડલનો રહેવાસી છે, તેને કોલેજની પાંચ હજાર રૂપિયાની ફી માટે આચાર્યએ માર માર્યો. ત્યાર બાદ પોલીસે પણ તેની સાથે ગેરવર્તણૂક પણ કરી. ત્યારે આ અપમાનથી વ્યથિત થઈને વિદ્યાર્થીએ કૉલેજના ક્લાસરૂમમાં જ પેટ્રોલ છાંટીને આગ લગાવીને આત્મહત્યા કરી લીધી.ઉજ્જવલને ગંભીર રીતે દાઝી ગયેલી હાલતમાં દિલ્હી ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જેમાં રવિવારે રાત્રે તેનું મોત થઈ ગયું છે. આ દુર્ઘટનાથી ગુસ્સે ભરાયેલા અન્ય વિદ્યાર્થીઓએ કોલેજના ગેટ પર વિરોધ પ્રદર્શન કર્યુ. મેરઠના સરધનાના રહેવાસી આચાર્ય પ્રદીપ કુમાર વિરુદ્ધ આ મામલે કેસ દાખલ કરવામાં આવ્યો છે.બુઢાણાના મોહલ્લા ખાકરોબાનમાં પરિવાર સાથે રહેતા ઉજ્જવલે આગ લગાવતા પહેલા જાહેર કરેલા વીડિયોમાં આરોપ લગાવ્યો કે ૭ નવેમ્બરે આચાર્ય પ્રદીપ કુમારે તેને પોતાની ઓફિસમાં બોલાવ્યો અને યુનિવર્સિટી ફીના નામે પાંચ હજાર રૂપિયા જમા કરાવવાની વાત કરી.ઉજ્જવલે આચાર્યને જણાવ્યું કે, તે પરીક્ષા ફી યુનિવર્સિટીમાં ઓનલાઈન જમા કરાવી ચૂક્યો છે અને એક અઠવાડિયામાં શેરડીનું પેમેન્ટ મળતાં જ કોલેજની ફી પણ જમા કરાવી દેશે. આના પર, આચાર્યએ પહેલા પોતાની ઓફિસમાં ગાળાગાળી કરીને માર માર્યો અને ત્યારબાદ કોલેજના ગેટ પર લાવીને પણ તેની પીટાઈ કરી.પોલીસે પણ તેની સાથે ગેરવર્તણૂક કરીઆ મામલે ઉજ્જવલે મુખ્યમંત્રી, એસડીએમ અને પોલીસને ફરિયાદ કરી. કોલેજ પહોંચેલી પોલીસે પણ તેની સાથે ગેરવર્તણૂક કરી. બીજા દિવસે શનિવારે ઉજ્જવલ કોલેજ પહોંચ્યો અને સવારે લગભગ ૧૧ વાગ્યે પોતાના પર પેટ્રોલ છાંટીને આગ લગાવી દીધી.

પ્રાઈવેટ પાર્ટમાં ઈજાના નિશાન મળ્યાં

# મૈસૂરમાં સ્કૂલમાં ૧૩ વર્ષના વિદ્યાર્થી સાથે ભયાનક રેગિંગ



મૈસુર, ૮ કર્ણાટકના મૈસુર જિલ્લાના જયલક્ષ્મીપુરમની એક પ્રતિષ્ઠિત સ્કૂલમાં રેગિંગનો એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. અહીં ધોરણ ૮માં અભ્યાસ કરતા ૧૩ વર્ષના વિદ્યાર્થી સાથે ત્રણ સહપાઠીઓએ સ્કૂલ પરિસરમાં જ મારપીટ કરી હતી જેના કારણે તેના પ્રાઈવેટ પાર્ટમાં ગંભીર ઈજાઓ થઈ છે. પીડિત વિદ્યાર્થીની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને તેની હાલત ગંભીર હોવાની માહિતી મળી રહી છે. મીડિયા અહેવાલ પ્રમાણે આરોપી વિદ્યાર્થીઓ પીડિત વિદ્યાર્થીને રોજ હેરાન કરતા હતા અને તેને પૈસા અને મોબાઈલ ફોન લાવવા માટે મજબૂર કરતા હતા. ૨૫ ઓક્ટોબરના રોજ ત્રણેય આરોપી વિદ્યાર્થીઓએ પીડિતને સ્કૂલના વોશરૂમમાં લઈ ગયા અને તેની સાથે મારપીટ કરીને તેના પ્રાઈવેટ પાર્ટને ગંભીર રીતે ગંભીર ઈજા પહોંચાડી.શરૂઆતમાં પોલીસ પર કેસ ન નોંધવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો, પરંતુ પીડિતના પરિવાર અને સંબંધીઓના દબાણ બાદ જયલક્ષ્મીપુરમ પોલીસ સ્ટેશનમાં **FIR** દાખલ કરવામાં આવી હતી. પોલીસે ભારતીય દંડ સંહિતા **(BNS)** ૨૦૨૩ ની કલમ ૧૧૫(૨), ૧૧૭(૨), અને ૧૨૫**(b)** હેઠળ તથા કિશોર ન્યાય અધિનિયમ ૨૦૧૫ની કલમ ૭૫ હેઠળ કેસ નોંધ્યો છે.**FIR**માં સ્કૂલ મેનેજમેન્ટ ચીફ અને શિક્ષકને નામ આરોપી નંબર ૧ **(A1)** તરીકે છે, જ્યારે ત્રણ વિદ્યાર્થીઓને કિશોર **J1, J2** અને **J3** તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે અને સ્કૂલ વહીવટીતંત્રની ભૂમિકાની પણ તપાસ કરવામાં આવી રહી છે.

મુખ્યમંત્રીએ આપ્યા તપાસના આદેશ

# કેરળમાં વંદે ભારત ટ્રેનમાં RSS ગીત ગવાતા વિવાદ



થિરૂવનંતપૂરમ્, કેરળમાં **RSS**ના ગીતને લઈને રાજકારણ ગરમાયું છે. કેરળ સરકારે એર્નાકુલમથી બેંગલુરુ જતી વંદે ભારત એક્સપ્રેસના ઉદ્ઘાટન પછી ટ્રેનમાં શાળાના વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ **(RSS)** ગીત ગાવા માટે દક્ષિણ રેલવેના કથિત પગલાની તપાસના આદેશ આપ્યા છે. જો કે, કેન્દ્રીય મંત્રીઓએ આ ઘટનાને યોગ્ય ઠેરવીને જણાવ્યું કે, તે એક દેશભક્તિ ગીત છે. કેરળના શિક્ષણ મંત્રી, વી. શિવનકુટ્ટીએ જાહેર સૂચના નિયામક**(DPI)**ને તપાસ કરવા અને રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એર્નાકુલમ-બેંગલુરુ વંદે ભારત એક્સપ્રેસનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું. ઉદ્ઘાટનના થોડા સમય પછી દક્ષિણ રેલવેએ એક વીડિયો શેર કર્યો જેમાં વિદ્યાર્થીઓ ટ્રેનમાં **RSS** ગીત ગાતા દેખાતા હતા. જોકે, ટ્રોલ થયા પછી, આ વીડિયોને દૂર કરવામાં આવ્યો અને પછી અંગ્રેજી અનુવાદ સાથે ફરીથી શેર કરવામાં આવ્યો.

ગીતને યોગ્ય ઠેરવતા, એલમક્કારામાં સરસ્વતી વિદ્યાનિકેતન પબ્લિક સ્કૂલના આચાર્ય ડિન્ટો કે. પી.એ તેને દેશભક્તિ ગીત ગણાવ્યું. તેણે કહ્યું કે આ ગીત દક્ષિણ રેલવે દ્વારા નિર્દેશિત ન હતું, પરંતુ બાળકોએ તેને મલયાલમ દેશભક્તિ ગીત તરીકે ગાવાનું પસંદ કર્યું. આચાર્યએ એ પણ સ્વીકાર્યું કે વિવાદ પછી અને દક્ષિણ રેલવેના ૪ હેન્ડલ પરથી ગીતનો વીડિયો દૂર કર્યા પછી, શાળા વહીવટીતંત્રે વડાપ્રધાન કાર્યાલય અને કેન્દ્રીય રેલવે મંત્રીને પત્રો મોકલ્યા. આ ઉપરાંત તેણે કહ્યું, અમને ખબર નથી કે રાજ્યના શિક્ષણ પ્રધાને આ મામલે તપાસનો આદેશ કેમ આપ્યો. જો સામાન્ય શિક્ષણ વિભાગ કાર્યવાહી કરશે, તો અમે કાનૂની કાર્યવાહી કરવાનું વિચારીશું.

વિપક્ષ કોંગ્રેસ પાર્ટીએ આ ઘટનાની સખત નિંદા કરી અને "સાંપ્રદાયિક હેતુઓ માટે" બાળકોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવા બદલ શાળા અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી. તપાસની જાહેરાત કરતાં શિવનકુટ્ટીએ કહ્યું કે સરકારી કાર્યક્રમોમાં બાળકોનું રાજકારણ કરવું અને ચોક્કસ જૂથના સાંપ્રદાયિક એજન્ડાને પ્રોત્સાહન આપવા માટે તેમનો ઉપયોગ કરવો એ બંધારણીય સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરે છે. જાહેર સૂચના નિયામક **(DPI)**ને તાત્કાલિક તપાસ કરવા અને રિપોર્ટ સબમિટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

તેણે કહ્યું કે,રિપોર્ટના તારણોના આધારે યોગ્ય પગલાં લેવામાં આવશે. દેશના ધર્મનિરપેક્ષ અને રાષ્ટ્રીય મૂલ્યોને જાળવી રાખવાની જવાબદારી સરકારની છે, અને આ સિદ્ધાંતોનું રક્ષણ થાય તે સુનિશ્ચિત કરવા માટે પગલાં લેવામાં આવશે.

કેન્દ્રીય મંત્રી સુરેશ ગોપીએ ટ્રેનમાં વિદ્યાર્થીઓ દ્વારા **RSS** ગીત ગાવાનું વાજબી ઠેરવ્યું. તેમણે ત્રિશૂરમાં પત્રકારોને જણાવ્યું કે, બાળકોનો ઉજવણીનો એક ભાગ હતો. પેટ્રોલિયમ, કુદરતી ગેસ અને પર્યટન રાજ્ય મંત્રીએ કહ્યું, તેને તે ક્ષણે તે ગીત ગાવાનું મન થયું, અને તેમણે ગાયું. ગમે તે હોય, તે ઉગ્રવાદી ગીત નથી.

વિદ્યાર્થીએ આત્મવિલોપન કર્યું

# મુઝફ્ફરનગરમાં ફી ન ભરી એટલે વિદ્યાર્થીને પરીક્ષામાં બેસવા ન દીધો



મુઝફ્ફરનગર, ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગર ના બુઢાણા સ્થિત ડીએવી કોલેજમાં બી.એ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરતા ૨૨ વર્ષીય વિદ્યાર્થી ઉજ્જવલ રાણા, જે બાગપત જિલ્લાના ભડલનો રહેવાસી છે, તેને કોલેજની પાંચ હજાર રૂપિયાની ફી માટે આચાર્યએ માર માર્યો. ત્યાર બાદ પોલીસે પણ તેની સાથે ગેરવર્તણૂક પણ કરી. ત્યારે આ અપમાનથી વ્યથિત થઈને વિદ્યાર્થીએ કૉલેજના ક્લાસરૂમમાં જ પેટ્રોલ છાંટીને આગ લગાવીને આત્મહત્યા કરી લીધી.ઉજ્જવલને ગંભીર રીતે દાઝી ગયેલી હાલતમાં દિલ્હી ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જેમાં રવિવારે રાત્રે તેનું મોત થઈ ગયું છે. આ દુર્ઘટનાથી ગુસ્સે ભરાયેલા અન્ય વિદ્યાર્થીઓએ કોલેજના ગેટ પર વિરોધ પ્રદર્શન કર્યું. મેરઠના સરધનાના રહેવાસી આચાર્ય પ્રદીપ કુમાર વિરુદ્ધ આ મામલે કેસ દાખલ કરવામાં આવ્યો છે.બુઢાણાના મોહલ્લા ખાકરોબાનમાં પરિવાર સાથે રહેતા ઉજ્જવલે આગ લગાવતા પહેલા જાહેર કરેલા વીડિયોમાં આરોપ લગાવ્યો કે ૭ નવેમ્બરે આચાર્ય પ્રદીપ કુમારે તેને પોતાની ઓફિસમાં બોલાવ્યો અને યુનિવર્સિટી ફીના નામે પાંચ હજાર રૂપિયા જમા કરાવવાની વાત કરી.

ઉજ્જવલે આચાર્યને જણાવ્યું કે, તે પરીક્ષા ફી યુનિવર્સિટીમાં ઓનલાઈન જમા કરાવી ચૂક્યો છે અને એક અઠવાડિયામાં શેરડીનું પેમેન્ટ મળતાં જ કોલેજની ફી પણ જમા કરાવી દેશે. આના પર, આચાર્યએ પહેલા પોતાની ઓફિસમાં ગાળાગાળી કરીને માર માર્યો અને ત્યારબાદ કોલેજના ગેટ પર લાવીને પણ તેની પીટાઈ કરી.

આ મામલે ઉજ્જવલે મુખ્યમંત્રી, એસડીએમ અને પોલીસને ફરિયાદ કરી. કોલેજ પહોંચેલી પોલીસે પણ તેની સાથે ગેરવર્તણૂક કરી. બીજા દિવસે શનિવારે ઉજ્જવલ કોલેજ પહોંચ્યો અને સવારે લગભગ ૧૧ વાગ્યે પોતાના પર પેટ્રોલ છાંટીને આગ લગાવી દીધી.

સાથી વિદ્યાર્થીઓએ કોઈક રીતે આગ બુઝાવી અને લગભગ ૮૦ ટકા દાઝેલા ઉજ્જવલને ગંભીર હાલતમાં પહેલા સીએચસીથી મેરઠ અને પછી દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો.

ઉજ્જવલ રાણાએ વીડિયોમાં કહ્યું કે, મારી સાથે એવી ઘટના બની, જેણે મને તોડી નાખ્યો છે. આચાર્ય પ્રદીપ કુમારે મારી સાથે અપમાનજનક વ્યવહાર કર્યો. મને ગાળ આપી, મારા વાળ ખેંચ્યા અને મારી પીટાઈ કરી. મેં માત્ર એવા ગરીબ અને અસહાય વિદ્યાર્થીઓ માટે અવાજ ઉઠાવ્યો હતો જેઓ ફી ન હોવાને કારણે પરીક્ષા ફોર્મ જમા કરાવી શકતા નહોતા.

ઉજ્જવલે કહ્યું કે, આની સજા મને અપમાન કરીને અને ડરાવી-ધમકાવીને આપવામાં આવી. મેં ન્યાયની વાત કરી તો કોલેજમાં પોલીસ બોલાવવામાં આવી. પોલીસકર્મી ધર્મવીર, નંદ કિશોર અને વિનીત, જેમની પાસેથી મને મદદની અપેક્ષા હતી, તેમણે પણ મને ગાળો આપી. મને ડરાવવાનો-ધમકાવવાનો પ્રયાસ કર્યો. આ બધાના શબ્દોએ મારી આત્માને ઊંડી ઠેસ પહોંચાડી છે.

ઉજ્જવલે વધુમાં કહ્યું કે, તેમણે મને તોડી દીધો. ઈમાનદારી અને કાયદા પ્રત્યેની સચ્ચાઈની કડી તૂટી ગઈ છે. હું ખુદને જ સવાલ પૂછવા લાગ્યો છું કે શું સચ્ચાઈ માટે અવાજ ઉઠાવવો ખોટું છે. હું દર્દમાંથી પસાર થઈ રહ્યો છું પણ ડરીશ નહીં. જો હું આત્મહત્યા કરું છું, તો તેનો દોષ આચાર્ય, પોલીસકર્મી નંદ કિશોર, ધર્મવીર અને વિનીત પર હશે.

સેંકડો લોકોના મોતની આશંકા

# મલેશિયા કોસ્ટ નજીક રોહિંગ્યા પ્રવાસીઓને લઈ જતી બોટ ડૂબી




નવી દિલ્હી, મ્યાનમારથી સારી જિંદગીની આશામાં નીકળેલા રોહિંગ્યા શરણાર્થીઓ માટે દરિયો ફરી એકવાર કબ્રસ્તાન બન્યો છે. થાઈલેન્ડ-મલેશિયા સરહદ પાસે લગભગ ૧૦૦ રોહિંગ્યા પ્રવાસીઓને લઈ જઈ રહેલી એક બોટ ડૂબી ગઈ છે. મલેશિયન મેરીટાઈમ એજન્સીએ રવિવારે માહિતી આપી કે આ દુર્ઘટનામાં ૭ લોકોના શબ મળી આવ્યા છે, જ્યારે ૧૩ લોકોને બચાવી લેવાયા છે. બોટમાં સવાર અન્ય ૮૦થી વધુ લોકો હજુ પણ લાપતા છે.મલેશિયાની સરકારી મીડિયા અનુસાર, આ શરણાર્થીઓ પહેલા મ્યાનમારના રખાઈન પ્રાંતમાંથી લગભગ ૩૦૦ લોકો સાથે એક મોટા જહાજમાં રવાના થયા હતા. પરંતુ મલેશિયાની સરહદ નજીક પકડાઈ જવાથી બચવા માટે, તેમને ત્રણ નાની બોટમાં વહેંચી દેવામાં આવ્યા, જેમાં પ્રત્યેકમાં લગભગ ૧૦૦ લોકો સવાર હતા. આ ત્રણમાંથી એક બોટ દુર્ઘટનાનો ભોગ બની હતી. ચિંતાની વાત એ છે કે અન્ય બે બોટ, જેમાં લગભગ ૨૦૦ રોહિંગ્યા સવાર હતા, તે પણ લાપતા છે અને તેમની સ્થિતિ વિશે કોઈ માહિતી નથી. બચાવ દળ લંગકાવી દ્વીપ પાસે દરિયામાં તેમની શોધખોળ કરી રહ્યું છે.મ્યાનમારમાં હિંસા અને બાંગ્લાદેશના શિબિરોમાં બદતર પરિસ્થિતિથી કંટાળીને, રોહિંગ્યા સમુદાયના લોકો નિયમિતપણે મલેશિયા પહોંચવા માટે આવા જોખમી દરિયાઈ માર્ગો અપનાવે છે. સંયુક્ત રાષ્ટ્ર શરણાર્થી એજન્સી ના આંકડા અનુસાર, આ વર્ષે જાન્યુઆરીથી નવેમ્બરની શરૂઆત સુધીમાં ૫,૧૦૦થી વધુ રોહિંગ્યાઓએ મ્યાનમાર અને બાંગ્લાદેશ છોડીને દરિયાઈ મુસાફરી કરી છે, જેમાંથી લગભગ ૬૦૦ લોકો કાં તો મૃત્યુ પામ્યા છે અથવા લાપતા છે.રોહિંગ્યા બંગાળી મૂળના મુસ્લિમ છે જેઓ સદીઓથી મ્યાનમારના રખાઈન પ્રાંતમાં રહે છે. તેઓ પોતાને મ્યાનમારના મૂળ નિવાસી માને છે, પરંતુ મ્યાનમારની સૈન્ય સરકાર તેમને ઘૂસણખોર ગણે છે. ૧૯૮૨ના નાગરિકતા કાયદા હેઠળ તેમને નાગરિકતાથી વંચિત રાખવામાં આવ્યા છે, જેના પરિણામે તેઓ રાષ્ટ્રવિહીન છે.

ઉત્તર જાપાનની ધરા ૬.૯ની તીવ્રતાના ભૂકંપથી ધણધણી ઉઠી

# ફિલિપાઈન્સમાં વાવાઝોડા ફુંગ-વોંગથી ૧૦ મોત, ૧૨ લાખ લોકોનું સ્થળાંતર કરાયું



મનિલા (ફિલિપાઈન્સ), ફિલિપાઈન્સના પૂર્વોત્તર દરિયાકાંઠે આક્રમક વાવાઝોડું ફુંગ-વોંગે રવિવારે ત્રાટક્યું હતું. ભારે વરસાદ અને ભૂસ્ખલનને લીધે ૧૦ લોકોનાં મોત થયા હતા જ્યારે ૧૨ લાખ પ્રભાવિત લોકોનું સ્થળાંતર કરાયું હતું. વાવાઝોડાને લીધે દરિયામાં કરંટ રહેતા ઊંચા મોજા ઉછળ્યા હતા. ફિલિપાઈન્સમાં આ વર્ષનું ૨૧મું વાવાઝોડું છે, પાટનગર મનિલામાં અતિભારે વરસાદને પગલે વિઝિબિલિટી ઘટતાં ૩૦૦ ફ્લાઈટ રદ કરાઈ હતી. ફુંગ-વોંગ જેને સ્થાનિક ભાષામાં ઉવાન કહે છે તેની ઘાતકતાનો અંદાજ પવનની ગતિ પરથી લગાવી શકાય છે.લુસોન ટાપુ ખાતે રવિવાર સાંજથી ભારે વરસાદ સાથે ૧૮૫થી ૨૩૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. લુસોન ખાતે સોમવારે શાળાઓ તથા સરકારી કાર્યાલયોમાં રજા જાહેર કરાઈ છે. હજી મંગળવારે ત્રાટકેલા કાલમેગી વાવાઝોડાએ ૨૨૪નો ભોગ લીધો તેમાંથી ફિલિપાઈન્સની કળ વળી નથી ત્યાં વધુ એક વાવાઝોડાએ તાંડવ મચાવ્યું છે.અધિકારીએ જણાવ્યું કે, વાવોઝોડું ફુંગ-વોંગ ત્રાટક્યું હતું અને પૂર્વિય પ્રાંત કેટેન્ડુઆનેસમાં એક શખ્સ પૂરના પ્રવાહમાં તણાઈ ગયો હતો. કેટબાલોગન શહેરમાં એક મહિલાનું કાટમાળમાં દટાઈ જતા મોત નિપજ્યું હતું. વીજ થાંભલા ધ્વસ્ત થતાં પૂર્વના સંખ્યાબંધ ગામ-શહેરોમાં અંધારપટ જોવા મળ્યો હતો.ટોક્યોઃ ઉત્તર જાપાનની ધરા ૬.૯ની તીવ્રતાના ભૂકંપથી ધણધણી ઉઠી હતી. જાપાન હવામાન એજન્સીએ ભૂકંપને પગલે સુનામીની ચેતવણી આપી હતી. જેને ત્રણ કલાક બાદ રદ કરી હતી. રવિવારે સ્થાનિક સમય મુજબ સાંજ ૫.૦૩ કલાકે ઈવાતે પ્રાંતના દરિયાકાંઠે જમીનથી ૧૬ કિ.મી. નીચે ભૂકંપનો આંચકો આવ્યો હતો. ભૂકંપને લીધે જાનમાલને નુકસાનની વિગતો તાત્કાલિક પ્રાપ્ત થઈ શકી નથી. ભૂકંપ બાદ કલાકો સુધી આફ્ટરશોક્સ અનુભવાયા હતા. ઈવાતે પ્રાંતના ઓફુનાતો શહેરમાં ૧૦ સેન્ટીમીટર ઊંચા સુનામીના મોજા નોંધાયા હતા.

## ટુર્નામેન્ટમાં કુવૈત, યુએઈ અને નેપાળ સામે ભારતીય ટીમનો પરાજય

# હોંગકોંગ સિક્સિસ ટુર્નામેન્ટમાંથી ટીમ ઈન્ડિયા બહાર થઈ




હોંગકોંગ,

હોંગકોંગમાં રમાઈ રહેલી હોંગકોંગ સિક્સિસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ફેવરિટ ગણાતી ભારતીય ક્રિકેટ ટીમ નોક-આઉટ રાઉન્ડમાં પહોંચવામાં નિષ્ફળ રહી હતી અને તેનું અભિયાન સમાપ્ત થઈ ગયું હતું. આ ટુર્નામેન્ટમાં ૬-૬ ઓવરની મેચ હોય છે અને બંને ટીમમાં છ છ ખેલાડીઓ રમે છે. ભારતીય ટીમમાં દિનેશ કાર્તિક, રોબિન ઉથપ્પા, પ્રિયાંક પંચાલ, અભિમન્ય મિથુન, સ્ટુઅર્ટ બિન્ની, શાહબાઝ નદીમ જેવા ખેલાડીઓ હોવા છતાં તેને કુવૈત, યુએઈ અને નેપાળ સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. પાકિસ્તાની ટીમ સામે પણ ભારતે બે રને વિજય નોંધાવ્યો હતો અને મેચનું પરિણામ ડકવર્થ લૂઈસ સિસ્ટમને આધારે આવ્યું હતું.ગ્રૂપ-સીમાં ભારતને પોતાની પ્રથમ મેચમાં કુવૈત સામે ૨૭ રને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ ભારતીય ટીમ કુવૈતના બેટર્સને નિયંત્રણમાં રાખી શક્યા ન હતા. કુવૈત માટે યાસિન પટેલે ૧૪ બોલમાં ૫૮ રન ફટકાર્યા હતા જેની મદદથી ટીમે છ ઓવરમાં પાંચ વિકેટે ૧૦૬ રન ફટકાર્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમ ૫.૪ ઓવરમાં છ વિકેટે ૭૯ રન જ નોંધાવી શકી હતી. કુવૈત સામે મળેલા પરાજયના થોડા કલાકો બાદ ભારતીય ટીમને વધુ એક ઝાટકો લાગ્યો હતો અને યુએઈ સામે ચાર વિકેટે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. અભિમન્યુ મિથનના ૫૦ અને દિનેશ કાર્તિકના ૪૨ રનની મદદથી ભારતે ત્રણ વિકેટે ૧૦૭ રનનો સ્કોર નોંધાવ્યો હતો પરંતુ UAEએ ૫.૫ ઓવરમાં બે વિકેટના નુકસાને ૧૧૧ રન નોંધાવીને મેચ જીતી લીધી હતી.ઉપરા-ઉપરી બે પરાજય બાદ ભારતની ત્રીજી મેચ નેપાળ સામે હતી જેમાં ભારતને ૯૨ રનના જંગી અંતરથી પરાજય મળ્યો હતો. નેપાળે તોફાની બેટિંગ કરતા છ ઓવરમાં વિના વિકેટે ૧૩૭ રન ખડકી દીધા હતા. જેમાં વિકેટકીપર કેપ્ટન સંદીપ જોરાએ પાંચ સિક્સર અને ચાર ચોગ્ગા સાથે ૧૨ બોલમાં અણનમ ૪૭ રન ફટકાર્યા હતા. જ્યારે રાશિદ ખાને ૧૭ બોલમાં ૫૫ રન ફટકાર્યા હતા જેમાં તેણે ચાર ચોગ્ગા અને છ સિક્સર ફટકારી હતી. રાશિદ ખાન રિટાયર્ડ હર્ટ થયો હતો. તેના સ્થાને બેટિંગમાં આવેલા લોકેશ બામે સાત બોલમાં ૩૧ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. જેની સામે ભારતીય ટીમ ત્રણ ઓવરમાં છ વિકેટે ૪૫ રન જ નોંધાવી શકી હતી.

## સમય રૈના વિવાદિત શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' ફરીવાર શરૂ કરશે?




મુંબઈ,

કોમેડિયન-યૂટ્યુબર સમય રૈનાએ ૮ નવેમ્બરના રોજ નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં પોતાના શો સ્ટેજ પર દમદાર વાપસી કરી છે. આ શોમાં પ્રેક્ષકોની ભારે ભીડ જોવા મળી હતી.'શૉ તો મેં વાપસ લાઉંગા': સમય રૈનાએ આપી હિન્ટ આ શોની સૌથી મોટી સરપ્રાઈઝ એ હતી કે સમય રૈનાએ તેના વિવાદિત યૂટ્યુબ શૉ 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ની વાપસીની જાહેરાત કરી દીધી છે. સ્ટેન્ડ-અપ એક્ટ દરમિયાન તેણે કહ્યું- 'શૉ તો મેં વાપસ લાઉંગા'.

આટલું સાંભળતા જ પ્રેક્ષકો હરખાય ગયા અને તાળીઓના ગડગડાટથી ઝૂમી ઉઠ્યા.ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ વિવાદ શું હતો? સમય રૈના અને અન્ય કન્ટેન્ટ ક્રિએટર્સ પર ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ શોમાં અશ્લીલતા ફેલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જેમાં યુટ્યુબર્સ અપૂર્વ માખીજા, આશિષ ચંચલાની, રણવીર અલ્લાહબાદિયા અને અન્ય ઘણા લોકોનો સમાવેશ થતો હતો. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે, શોમાં ખુલ્લેઆમ અશ્લીલ વાતો કહેવામાં આવી હતી, જે જાહેર પ્લેટફોર્મ પર ન થવી જોઈતી હતી. રણવીરના નિવેદનથી સોશિયલ મીડિયા પર ભારે ગુસ્સો ભડકી ઉઠ્યો. મામલો એટલો વધી ગયો કે સમય રૈનાને ગુવાહાટી ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થવું પડ્યું હતું.આ શોને સરેરાશ પ્રતિ એપિસોડ ૨૦ મિલિયનથી વધુ વ્યૂ મળ્યા હતા સમય રૈનાના આ શોના દરેક એપિસોડને યુટ્યૂબ પર સરેરાશ ૨૦ મિલિયન (૨ કરોડ)થી વધુ વ્યૂઝ મળતા હતા. સમય અને બલરાજ ઘાઈ સિવાય આ શોના દરેક એપિસોડમાં જજ બદલાતા રહેતા હતા. દરેક એપિસોડમાં એક નવા સ્પર્ધકને પર્ફોર્મ કરવાની તક મળે છે. સ્પર્ધકોને તેમની પ્રતિભા દર્શાવવા માટે ૯૦ સેકન્ડનો સમય આપવામાં આવે છે. હવે આ શોના બધા વીડિયો દૂર કરી દેવામાં આવ્યા છે.

## અમિતાભ બચ્ચને કોને આપી ધમકી?

# ખબરદાર જો એને હાથ લગાવ્યો છે તો, તારું કરિયર બરબાદ કરી નાખીશ



મુંબઈ,

બોલીવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન ૮૩ વર્ષે પણ રિયલ અને રીલ લાઈફમાં એકદમ સુપકર એક્ટિવ છે. જેમ બિગ બીને આપણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના મહાનાયક કહીએ છીએ એ જ રીતે મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં નેશનલ એવોર્ડ વિનર સિંગર શંકર મહાદેવનનું નામ ખૂબ જ આદરથી લેવામાં આવે છે. શંકર મહાદેવને અનેક સુપરહિટ ગીતો ઈન્ડસ્ટ્રીને આપ્યા છે. પરંતુ શું તમને ખબર છે કે બિગ બીએ શંકર મહાદેવનને કરિયર ખરાબ કરવાની ધમકી આપી હતી? ચાલો તમને આ ઈન્સાઈડ સ્ટોરી જણાવીએ-શંકર મહાદેવને ખુદ આ ઘટના વિશે ખુલાસો કર્યો હતો. શંકર મહાદેવને જણાવ્યું હતું કે મને યાદ છે કે બચ્ચન સર, રોક એન્ડ રોલની શૂટિંગ કરી રહ્યા હતા અને અમે લોકો સેટ પર ગયા હતા. મારા વજન છતાં તેમણે મને ઉંચકી લીધો હતો, કારણ કે તેઓ આ ગીતથી ખૂબ જ ખુશ હતા. તેઓ ખૂબ જ પ્રેમાળ છે અને તેમણે મને ગળે લગાવતા કહ્યું હતું કે શું ગીત બનાવ્યું છે?આ જ ઈન્ટરવ્યુમાં મહાદેવને બીજી એક ઘટનાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે કઈ રીતે બિગ બીએ તેમને એક વખત મજાકમાં જ કરિયર ખતમ કરી દેવાની ધમકી આપી હતી. તેમણે આ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે મેં બિગ બી માટે ગીત કજરા રેનું એક રફ વર્ઝન રેકોર્ડ કર્યું હતું, જેથી તેઓ આવીને પોતાનો અવાજ રેકોર્ડ કરી શકે, કારણ કે જાવેદ અલીએ અભિષેક બચ્ચન માટે ગાયું હતું અને બિગ બીનો પાર્ટ મેં કર્યો હતો. જ્યારે એક ઈવેન્ટમાં અમે મળ્યા ત્યારે મેં એમને કહ્યું કે સર આવીને તમારા ભાગનું ડબિંગ કરી લો, અમારે ગીતને મિક્સ કરવાનું છે.શંકર મહાદેવને આગળ જણાવ્યું કે બિગ બીએ આ સાંભળીને કહ્યું કે કયું ગીત? મેં કહ્યું અરે કજરારે ગીત. તેમણે મને કહ્યું કે તો હું એમાં શું ડબ કરું? તો મેં કહ્યું સર મેં તમારો ભાગ ડબ કરવા માટે રાખ્યો છે. તેમણે ગીત તો પહેલાં જ શૂટ કરી દીધું હતું અને તેમને ખૂબ જ પસંદ આવ્યું હતું. બિગ બીએ શંકર મહાદેવનને કહ્યું કે નહીં આ આ જ રીતે થશે અને જો તે એને હાથ લગાડ્યો તો હું તારું કરિયર બરબાદ કરી નાખીશ.અત્રે ઉલ્લેખનીય છે હાલમાં બિગ બી કૌન બનેગા કરોડપતિની ૧૭મી સિઝન હોસ્ટ કરી રહ્યા છે અને તેઓ ટૂંક સમયમાં જ ફિલ્મ કલ્કી ૨૮૯૮ એડીની સિક્વલમાં જોવા મળશે. આ ઉપરાંત તેઓ નિતેશ તિવારીની ફિલ્મ રામાયણમાં પણ મહત્ત્વના રોલમાં જોવા મળશે.

## સફળતા માટે અને રમતમાં ટકી રહેવા માટે આત્મવિશ્વાસ દાખવવો મહત્વનો છે

# સંઘર્ષમાંથી બહાર આવવા માટે આકરી મહેનત કરી હતી: શેફાલી




ચંદીગઢ,

ભારતની વિમેન્સ વન-ડે વર્લ્ડ ચેમ્પિયન મહિલા ક્રિકેટ ટીમની ઓપનર શેફાલી વર્મા છેલ્લા કેટલાક સમયથી ફોર્મમાં ન હતી અને ટીમમાં ટકી રહેવા માટે આકરી મહેનત કરી રહી હતી પરંતુ તેને ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો. ખુદ શેફાલીએ કબૂલ્યું હતું કે છેલ્લા એક વર્ષથી પુનરાગમન કરવા માટે તેને આકરી મહેનત કરવી પડી હતી. ગયા સપ્તાહે સાઉથ આફ્રિકા સામેની ફાઈનલમાં બાવન રનના શાનદાર વિજય સાથે ભારતે વર્લ્ડ ટાઈટલ જીત્યું હતું. ફાઈનલમાં શેફાલી વર્માએ શાનદાર બેટિંગ કરીને ૮૭ રન ફટકાર્યા હતા અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાઈ હતી. જોકે શેફાલીને વર્લ્ડ કપની મુખ્ય ટીમમાં સામેલ કરાઈ ન હતી પરંતુ પ્રતિકા રાવલ ઘાયલ થતાં તેને સ્થાને શેફાલીને ટીમમાં રમવાની તક મળી હતી અને આ તક ઝડપીને તેણે શાનદાર પુનરાગમન કર્યું હતું. તેણે જણાવ્યું હતું કે છેલ્લા વર્ષમાં ઘણા સંઘર્ષોનો સામનો કર્યો છે અને પોતાની રમત સુધારવા માટે "અત્યંત સખત" મહેનત કરી છે જેને પરિણામે ઐતિહાસિક વર્લ્ડ કપનો મહિમા થયો છે.સાઉથ આફ્રિકા સામેની ફાઈનલ માત્ર ભારત માટે જ નહીં પરંતુ શેફાલી વર્મા માટે પણ યાદગાર બની રહી હતી કેમ કે તેણે ૮૭ રન ફટકારવા ઉપરાંત ૩૬ રન આપીને હરીફ ટીમની બે મહત્વની વિકેટ ખેરવી હતી. રવિવારે એક કાર્યક્રમમાં શેફાલીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સમયે તેણે પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે છેલ્લું એક વર્ષ મારા માટે અત્યંત કપરું રહ્યું હતું. મારે ઘણા સંઘર્ષનો સામનો કરવો પડ્યો હતો પરંતુ મેં આકરી મહેનત જારી રાખી હતી અને મારા પ્રયાસોનું ભગવાને મને ફળ આપ્યું હતું.ઓસ્ટ્રેલિયા જેવી જાયન્ટ ટીમ સામેની સેમિફાઈનલના આગલા દિવસે જ શેફાલીને ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવી હતી. જોકે હરિયાણાની આ બેટર સેમિફાઈનલમાં ખાસ નોંધપાત્ર રમત દાખવી શકી ન હતી. આ અંગે શેફાલીએ જણાવ્યું હતું કે સેમિફાઈનલ અગાઉ હું ટીમ સાથે જોડાઈ ત્યારે હું ટીમને વર્લ્ડ કપમાં વિજય અપાવવામાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ હતી. ફાઈનલ હંમેશાં મોટું મંચ બની રહેતી હોય છે. સામાન્ય રીતે હું શરૂઆતમાં નર્વસ હતી પરંતુ મેં મારી જાતને કહ્યું હતું કે શાંત રહેવાનું છે અને ધીરજ રાખવાની છે. મેં મારી અંગત અને ટીમની રણનીતિ પર ફોકસ કર્યું હતું. કદાચ આ જ કારણે હું બેટિંગ અને બોલિંગ બંનેમાં સારી રમત દાખવી શકી હતી.શેફાલી તેના હોમટાઉન રોહતકમાં પરત ફરી ત્યારે તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સમયે તેણે યુવાન છોકરીઓને પોતાની જાત પર ભરોસો રાખવાની અપીલ કરી હતી.

તેણે કહ્યું હતું કે છોકરીઓએ કોઈ પણ ક્ષેત્રમાં જાય ત્યાં આત્મવિશ્વાસ દાખવવો જરૂરી છે. તેઓ જે પણ ક્ષેત્ર પસંદ કરે ત્યાં તેમણે આકરી મહેનત કરવાની રહેશે અને પોતાની જાત પર ભરોસો રાખશે તો તેમને જોઈતું પરિણામ મળી રહેશે.ભારતના મહાન ક્રિકેટર સચિન તેંડુલકરને પોતાનો આદર્શ માનતી શેફાલીએ તેની કારકિર્દીના વિકાસ અને સ્વપ્ન સાકાર કરવા માટે પોતાના પરિવારનો આભાર માન્યો હતો અને તેમના સહકારથી જ આ કક્ષાએ પહોંચી હોવાનું કબૂલ્યું હતું.

## ભારતીય ટીમની નવી દિવાલ ચેતેશ્વરનું કરિયર સુપરસ્ટાર શાહરૂખે બચાવ્યું હતું



મુંબઈ,

ભારતીય ટેસ્ટ ટીમની 'નવી દિવાલ' તરીકે ઓળખાતા ચેતેશ્વર પૂજારાનું ક્રિકેટ કરિયર એક સમયે જોખમમાં મુકાઈ ગયું હતું. જો કે, બોલિવૂડના સુપરસ્ટાર અને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ના માલિક શાહરૂખ ખાનની ફ્રેન્ચાઈઝીના સહયોગથી તે આ મુશ્કેલ સમયમાંથી બહાર આવી શક્યો હતો.પૂજારાની પત્ની પૂજાએ પોતાના પુસ્તકમાં આ અંગેનો ખુલાસો કર્યો છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે KKR મેનેજમેન્ટે કેવી રીતે પૂજારાને મુશ્કેલીના સમયમાં સાથ આપ્યો હતો.પૂજારાની પત્ની પૂજાએ પોતાના પુસ્તકમાં આ અંગેનો ખુલાસો કર્યો છે કે, આ ઘટના 2009ની છે, જ્યારે પૂજારા હજુ ભારતીય ટીમમાં જોડાયો ન હતો અને ઘરેલુ ક્રિકેટમાં સારું પ્રદર્શન કરી રહ્યો હતો. તેને શાહરૂખ ખાનની ફ્રેન્ચાઈઝી કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR ) દ્વારા ખરીદવામાં આવ્યો હતો અને તે IPLમાં ડેબ્યૂ કરવા માટે તૈયાર હતો.KKR એ તેને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન આપવાનું વચન પણ આપ્યું હતું. જો કે, પ્રેક્ટિસ દરમિયાન તેને ઘૂંટણની ગંભીર ઈજા થઈ, જેના કારણે તેની ક્રિકેટ કરિયર સંકટમાં મુકાઈ ગઈ.પૂજારાની પત્ની પૂજાએ પુસ્તકમાં લખ્યું છે કે ઈજાના સમાચાર મળતા જ કોલકાતા નાઈટ રાઈડર્સના મેનેજમેન્ટે તરત જ જવાબદારી લીધી હતી અને પૂજારાના ઈલાજ માટે સંપૂર્ણ વ્યવસ્થા કરી. ફ્રેન્ચાઈઝીએ પૂજારાની ઈજાના તમામ ખર્ચાઓ ઉઠાવવાનો નિર્ણય કર્યો હતો. KKR એ દક્ષિણ આફ્રિકાના કેપટાઉનમાં પૂજારાની તાત્કાલિક સર્જરીની વ્યવસ્થા કરી, જે તેના માટે શ્રેષ્ઠ ગણાતી હતી.આ ગંભીર ઈજામાંથી બહાર આવ્યા બાદ, પૂજારાએ ભારતની ટેસ્ટ ટીમમાં રાહુલ દ્રવિડનું સ્થાન સંભાળ્યું અને વર્ષો સુધી નંબર 3 પર મુખ્ય બેટ્સમેન તરીકે ટીમની 'દિવાલ' બની રહ્યો. KKRના આ સમયસરના અને ઉદાર સમર્થનથી જ પૂજારાનું કરિયર બચી શક્યું હતું.

## આર. માધવનની ફિલ્મ 'ધુરંધર'નું પોસ્ટર રિલીઝ

મુંબઈ,

મુંબઈ: અભિનેતા રણવીર સિંહના ૪૦માં જન્મદિવસે તેની નવી ફિલ્મ 'ધુરંધર'નું ટીઝર આઉટ થયું હતું ત્યાર બાદ 'ધુરંધર' ફિલ્મનો ફર્સ્ટ લૂક વીડિયો પણ રિલીઝ થયો હતો. આ વીડિયોમાં ફિલ્મના અન્ય કલાકારો પણ જોવા મળ્યા હતા. આ કલાકારોમાં અર્જુન રામપાલ, અક્ષય ખન્ના અને આર. માધવન તથા અભિનેત્રી સારા અર્જુન જોવા મળ્યા હતા. જોકે, હવે આ ફિલ્મનું નવું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે, જેમાં આર. માધવનનો અલગ અંદાજ જોવા મળ્યો છે.'ધુરંધર' ફિલ્મના મેકર્સે નવું પોસ્ટર રિલીઝ કર્યું છે. જેમાં આર. માધવનનો નવો લૂક સામે આવ્યો છે. આ પોસ્ટરમાં આર. માધવનનો ડિપ્લોમેટ જેવો અવતાર જોવા મળ્યો છે. પોસ્ટરમાં આર. માધવન પેન્ટ-સૂટમાં જોવા મળ્યો છે. આર. માધવનનો આ લૂક રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલથી પ્રેરિત છે, એવું સૂત્રોએ અનુમાન વ્યક્ત કર્યું હતું.'ધુરંધર' ફિલ્મના આ નવા પોસ્ટરને 'કર્મનો સારથી' કેપ્શન સાથે રણવીર સિંહે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કર્યુ છે. આ પોસ્ટર જોઈને તેના ચાહકોની આતુરતા વધી ગઈ છે. રણવીર સિંહના ચાહકો હવે 'ધુરંધર' ફિલ્મમાં તેના નવા લૂકના પોસ્ટરની રાહ જોઈ રહ્યા છે. જોકે, આ ફિલ્મના પહેલા પોસ્ટરમાં રણવીર સિંહ લાંબાવાળ અને રફ એન્ડ ટફ લૂકમાં જોવા મળ્યો હતો.ઉલ્લેખનીય છે કે, અગાઉ 'ધુરંધર' ફિલ્મના પોસ્ટરમાં અર્જુન રામપાલના પાત્રનું પોસ્ટર પણ શેર કરવામાં આવ્યું હતું.

## ફેક પ્રોફાઈલ દ્વારા પરિવારને નિશાન બનાવ્યો,

# સાઉથની અભિનેત્રી અનુપમા પરમેશ્વરનનું થયું સાયબર બુલિંગ!

મુંબઈ,

સાઉથની ફેમસ એક્ટ્રેસ અનુપમા પરમેશ્વરન લાંબા સમયથી સાયબર બુલિંગનો સામનો કરી રહી હતી. એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા આ વિશે વિગતવાર માહિતી આપી છે. જોકે, જ્યારે તેને સાયબર બુલિંગ કરનાર વ્યક્તિ વિશે જાણ થઈ, ત્યારે તે ચોંકી ગઈ હતી.અનુપમાએ આજે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ શેર કરી હતી. જેમાં તેણે જણાવ્યું કે- 'થોડા દિવસો પહેલાં મને ખબર પડી કે એક ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ મારા અને મારા પરિવાર વિશે અત્યંત ખોટી વાતો ફેલાવી રહી છે. આટલું જ નહીં, તે મારા મિત્રો અને કો-એક્ટર્સને પણ પોસ્ટમાં ટેગ કરી રહી છે. આ તમામ પોસ્ટમાં મારા પર ખોટા આરોપો લગાવવામાં આવ્યા હતા. આ રીતે ઓનલાઈન કોઈને પણ પરેશાન કરવું, ખૂબ જ ખોટું અને દુઃખ આપનારું કૃત્ય છે.'અનુપમા પરમેશ્વરને આગળ પોસ્ટમાં લખ્યું છે કે, 'મને ત્યારે આશ્ચર્ય થયું, જ્યારે જાણ થઈ કે સાયબર બુલિંગ કરનાર તમિલનાડુની એક ૨૦ વર્ષની યુવતી છે. યુવતીની નાની ઉંમરને ધ્યાનમાં રાખીને, મેં તેની ઓળખ જાહેર ન કરવાનો નિર્ણય લીધો છે. હું તેના ભવિષ્ય કે માનસિક સ્વાસ્થ્ય સાથે કોઈ સમાધાન કરવા માંગતી નથી.'અંતમાં, અનુપમા પરમેશ્વરને તેના ફેન્સ અને સામાન્ય લોકોને એક મહત્ત્વપૂર્ણ મેસેજ આપ્યો છે. તેમનું કહેવું છે કે લોકો પાસે સ્માર્ટફોન છે તો તેનો ઉપયોગ સમજદારી અને જવાબદારીથી કરવો જોઈએ. તે સૌને જણાવે છે કે સાયબર બુલિંગ ખોટું છે, સાથે જ તે દંડનીય અપરાધ પણ છે.અનુપમા પરમેશ્વરનના કરિયરની વાત કરીએ તો, આ વર્ષે તે 'જાનકી વર્સિસ સ્ટેટ ઓફ કેરળ'માં જોવા મળી હતી. હાલમાં તે બીજી ફિલ્મ 'લોકડાઉન'નું શૂટિંગ કરી રહી છે.

## પૈસા માટે શો છોડવાની વાતને અફવા ગણાવી

# 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં ટપ્પુ પાછો ફરશે?

### ભવ્ય ગાંધીના શો છોડ્યા પછી રાજ અનકટે ટપ્પુની ભૂમિકા ભજવી હતી, અને હાલમાં આ પાત્ર તેજસ્વી ભવાની ભજવી રહ્યા છે



મુંબઈ,

છેલ્લા ૧૭ વર્ષથી "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" શો ભારતવાસીઓનો લોકપ્રિય ટેલિવિઝન શો બની રહ્યો છે. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં આ શોમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા ઘણા કલાકારો આ શો છોડીને ચાલ્યા ગયા છે. જેમાં આ સીરિયલ સાથે શરૂઆતથી જોડાયેલા ભવ્ય ગાંધીનો પણ સમાવેશ થાય છે. ટપ્પુનું પાત્ર ભજવીને ભવ્ય ગાંધી ઘરે-ઘરે જાણીતો બની ગયો છે. જોકે, હવે ભવ્ય ગાંધીએ શોમાં પાછા ફરવા અંગે મોટું નિવેદન આપ્યું છે.ભવ્ય ગાંધી ૨૦૦૮માં એક ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" શો સાથે જોડાયો હતો. તારક મહેતાના લોકપ્રિય પાત્ર 'ટપ્પુ'ની ભૂમિકા તેણે બખૂબી નિભાવી હતી. જોકે,૨૦૧૭માં તેણે શો છોડીને તેના ચાહકોને ચોંકાવી દીધા હતા. હાલ તે ગુજરાતી સિનેમામાં સક્રિય છે. તાજેતરમાં ભવ્ય ગાંધીએ લાંબા સમય પછી "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" શો છોડવાના કારણો અને તેની સંભવિત વાપસી અંગે મીડિયા સાથે વાત કરી છે.ભવ્ય ગાંધીએ નાણાકીય કારણોસર "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" શો છોડ્યો એવી અફવા વહેતી થઈ હતી. જેની સ્પષ્ટતા કરતા ભવ્ય ગાંધીએ મીડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે "મેં ક્યારેય પૈસા માટે કામ કર્યું નથી. મેં પૈસા માટે શો પણ છોડ્યો નથી."TMKOCના શો માટે શું તમને પ્રતિ એપિસોડ દસ હજાર રૂપિયા મળતા હતા? આ સવાલના જવાબમાં ભવ્ય ગાંધીએ જણાવ્યું કે, "ના, મને ખબર નથી કે શો માટે મને કેટલા પૈસા ચૂકવવા આવતા હતા. કારણ કે હું નાનો હતો. મારા માતા-પિતા બધું સંભાળતા હતા. મેં તેમને પૂછ્યું નથી કે મને એક શો માટે કેટલો પગાર મળ્યો હતો."જ્યારે ભવ્યને પૂછવામાં આવ્યું કે શું તે શોમાં પાછા ફરવા માંગે છે, તો તેણે સકારાત્મક જવાબ આપ્યો કે, "હા, કેમ નહીં? હું ચોક્કસપણે શોમાં પાછા જવા માંગુ છું. મારા જીવનમાં મને પૂર્ણતા મળશે." ભવ્યના આ નિવેદનથી ચાહકોમાં ઉત્સાહ વધી ગયો છે.ઉલ્લેખનીય છે કે, ભવ્ય ગાંધીના શો છોડ્યા પછી રાજ અનકટે ટપ્પુની ભૂમિકા ભજવી હતી, અને હાલમાં આ પાત્ર તેજસ્વી ભવાની ભજવી રહ્યા છે. ભવ્યએ એમ પણ કહ્યું કે નિર્માતા અસિત મોદી તેની પ્રતિભાને ઓળખનાર સૌપ્રથમ વ્યક્તિ હતા.

## ઠાકરે-પવારને ઝટકો

# BMCમાં એકલા હાથે ચૂંટણી લડવાની કોંગ્રેસની જાહેરાત

મુંબઈ,

મહારાષ્ટ્રમાં ફરી રાજકીય ઉથલપાથલ સર્જાઈ છે. રાજ્યમાં બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની ચૂંટણીની તારીખ જાહેર થાય તે પહેલા કોંગ્રેસે ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારને મોટો ઝટકો આપ્યો છે. કોંગ્રેસ નેતા વિજય વડેટ્ટીવારે જાહેરાત કરી છે કે, બીએમસીની ચૂંટણી કોંગ્રેસ એકલા હાથે લડશે.કોંગ્રેસ નેતા વિજય વડેટ્ટીવારે નાગપુરમાં સત્તાવાર કહ્યું છે કે, 'અમારા સ્થાનિક નેતાઓએ અમારી પાર્ટીને એકલા આગળ વધવાની વિનંતી કરી છે. આ અંગે મેં હાઈકમાન્ડને વાત કરી હતી, તો હાઈકમાન્ડે અમને કહ્યું છે કે, સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને રાખીને નિર્ણય લેવામાં આવે. મુંબઈ કોંગ્રેસમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે, એકલા હાથે ચૂંટણી લડવામાં આવે.'કોંગ્રેસે બીએમસીની ચૂંટણી એકલા હાથે લડવાનો નિર્ણય કરીને મહાવિકાસ આઘાડી (MVA) ગઠબંધનની ચિંતા વધારી દીધી છે. આ ગઠબંધનમાં કોંગ્રેસની સાથે ઉદ્ધવ ઠાકરેની શિવસેના યુબીટી અને શરદ પવારની એનસીપી એસપી પાર્ટી સામેલ છે. ઉલ્લેખનીય છે કે, બીએમસીની ચૂંટણીની તારીખો હજુ જાહેર કરવામાં આવી નથી, ત્યારે તે પહેલા જ રાજ્યમાં રાજકીય ગરમાવો શરૂ થઈ ગયો છે.કોંગ્રેસના મુંબઈ એકમે ૬ નવેમ્બરે એક્સ પર પોસ્ટ કરીને માહિતી આપી હતી કે, કોંગ્રેસે બીએમસી ચૂંટણીમાં લડવાની ઈચ્છા ધરાવતા ઉમેદવારોને અરજી કરવા કહ્યું હતું, જેમાં ૧૧૫૦થી વધુ અરજી આવી છે. મુંબઈ કોંગ્રેસ અધ્યક્ષ અને સાંસદ વર્ષા ગાયકવાડે ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે ૨૨૭ વોર્ડ માટે પ્રભારીની નિમણુંક કરી દેવાઈ છે.

કાગળ પર પત્નીનું ચિત્ર બનાવી 'મારો ન્યાય' લખ્યું

# સુરતના હોમિયોપેથિક તબીબે હોટલના રૂમમાં આપઘાત કર્યો




સુરત,

ગોડાદશ વિસ્તારના માધવ શોપિંગ સેન્ટરમાં આવેલી નેસ્ટ હોટલની રૂમમાં હોમિયોપેથિક તબીબનો મૃતદેહ મળી આવ્યો હતો. તબીબે ડાબા હાથમાં એનેસ્થેસિયાનું ઈન્જેક્શન મારી આપઘાત કરી લીધો હોવાનું સામે આવ્યું છે. આપઘાતના બનાવ પાછળ ઘરકંકાસ કારણભૂત હોવાની શક્યતા વર્તાઈ રહી છે. તબીબ પાસેથી સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે. પોલીસે કબજે લઈ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ અમરેલી જિલ્લામાં આવેલા રાજુલના ખખબાઈ ગામના વતની અને હાલમાં ડિંડોલી સ્થિત દેલાડવા ગામ પાસે આવેલ માં ખોડિયાર રેસિડન્સીમાં રહેતા ૩૩ વર્ષીય ડો. ભાવેશભાઈ રાહુલભાઈ કવાડ હોમિયોપેથિક તબીબ હતા. તેઓ કિરણ હોસ્પિટલમાં નોકરી કરતા હતા. તેમના બે વર્ષ પહેલા જ લગ્ન થયા હતા. તેમની પત્ની અમદાવાદ પ્રાઈવેટ કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે. ડો.ભાવેશ ગોડાદરા વિસ્તારમાં આવેલા નેસ્ટ હોટલમાં રૂમ લીધો હતો. જો કે બીજે દિવસે સવારે તેમને રૂમનો દરવાજો ખોલ્યો ન હતો. જેથી હોટલ સ્ટાફે આ બનાવ અંગે પોલીસને જાણ કરી હતો. ગોડાદરા પોલીસે રૂમનો દરવાજો માસ્ટર કીથી ખોલતા તેમાં ડો ભાવેશ બેભાન હાલતમાં જોવા મળ્યા હતા. ખાનગી હોસ્પિટલમાં ડો ભાવેશને ખસેડતા તેમને મૃત ઘોષિત કર્યા હતા. બાદમાં પોલીસે રૂમની તપાસ કરતા તેમાં એક ઈન્જેક્શનની સિરીંજ અને એનેસ્થેસિયાની બોટલ મળી આવી હતી. આ સાથોસાથ પોલીસને એક ડાયરી મળી આવી છે, જેમાં પત્નીનું ચિત્ર બનાવી 'આઈ લવ ધારા' લખ્યું હતું અને બીજા પેજ પર 'મારો ન્યાય' શબ્દ લખ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન ભાવેશની પત્ની લગ્ન બાદ એક જ વાર સાસરિયે રોકાઈ છે અને બન્ને વચ્ચે કોઈ વાતને લઈ ઝઘડો ચાલતો આવતો હતો તેવું સામે આવ્યું છે. હાલ તો પોલિસે સમગ્ર બનાવમાં ડો. ભાવેશ ની પત્નીનું નિવેદન લેવાની કાર્યવાહી શરૂ કરી છે.

ચોથો સાગરીત ટ્રાયલ દરમિયાન મૃત્યુ પામ્યો હતો

# વાસદ પાસેથી પોશ ડોડાના જથ્થા સાથે ઝડપાયેલા ૩ શખ્સોને ૧૩ વર્ષની સખત કેદ



આણંદ,

આજથી ચાર વર્ષ અગાઉ વાસદ ટોલનાકા પાસે આવેલ હનુમાનજી મંદિર નજીકથી પોલીસે એક ટ્રકમાં ઘઉંના કટ્ટાની આડમાં લઈ જવાતા ૨૦૧ કિલો પોસ ડોડાનો જથ્થો ઝડપી ચાર શખ્સોની ધરપકડ કરી હતી. આ અંગેનો કેસ આણંદની કોર્ટમાં ચાલી જતાં કોર્ટ ચાર પૈકી ત્રણ શખ્સોને ૧૩ વર્ષની સજા અને દંડ ફટકાર્યો છે, જ્યારે તેમનો ચોથો સાગરીત ટ્રાયલ દરમિયાન મૃત્યુ પામ્યો હતો.પ્રાપ્ત વિગતો અનુસાર વાસદ પોલીસે ગત તા.૯ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ વાસદ ટોલનાકા પાસે આવેલા હનુમાનજી મંદિર નજીકથી ટ્રક નંબર એમ.પી.૧૪ જીસી ૧૯૮૮ને રોકી હતી અને તલાશી લીધી ત્યારે તેની અંદર ઘઉંના કટ્ટાની આડમાં પોશ ડોડાનો ૨૦૧ કિલોનો જથ્થો જેની બજાર કિંમત રૂ. ૬,૦૩,૦૦૦ થતી હતી તે મળી આવ્યો હતો. ટ્રક ડ્રાઈવરનું નામ રિષભ ઉર્ફે ગોલુ વસંતભાઈ જયસ્વાલ (ઉવ ૩૨ રહે.રતલામ.મધ્યપ્રદેશ) હોવાનું ખુલ્યું હતું. ટ્રકની આગળ ટાટા સફારી ગાડી નંબર જીજે ૧ કે.એન.વી. ૭૦ માં બેસી તેના બે સાગરીત રમેશ વીરસિંહ ભુરા (ઉવ ૨૬ રહે.મહુડા. મધ્યપ્રદેશ) અને યામનઅલી યાકુબઅલી (રતલામ) પાયલોટિંગ કરી રહ્યા હતા.પોલીસે સ્થળ ઉપરથી આ ત્રણેય શખ્સોને ઝડપી લીધા હતા અને પૂછતાછ કરતા આ જથ્થો બોરસદ તાલુકાના કાલુ ગામે વાડીયાપરા વિસ્તારમાં રહેતા ઈશ્વરભાઈ સોમાભાઈ પરમારે મંગાવ્યો હતો. એટલે પોલીસે આ ચારેય વિરૂદ્ધ વાસદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.પોલીસે ગુનાની બરાબર તપાસ કર્યા બાદ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યુ હતું. આ કેસ આણંદ જિલ્લાના એનડીપીએસ ના સ્પેશિયલ જજ તથા ચોથા એડિશનલ સેશન્સ જજ જે.આર.પંડિતની કોર્ટમાં ચાલવા પર આવ્યો હતો. જ્યાં જિલ્લા સરકારી વકીલ એન.પી.મહિડા હાજર રહ્યા હતા. તેમણે ૧૩ સાહેદો તપાસ્યા હતા અને ૨૬ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. તથા આ કેસમાં તેમણે તર્કબધ્ધ રીતે પોતાની દલીલો રજૂ કરી હતી. આ કેસની સુનાવણી દરમિયાન કોર્ટે સ્પષ્ટ નોંધ્યું હતું કે, આ ચારેય શખ્સોનું કૃત્ય સમાજને અસર કરનારું હોઈ એટલે તેમની ઉપર દયા કે કુણું વલણ રાખી શકાય નહીં અને આ બાબતને હળવાશથી પણ લઈ શકાય નહીં. આ સંજોગોમાં તેમને સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવી જરૂરી છે. જેથી કોર્ટે ચારેયને કસુરવાર ઠેરવ્યા હતા.કોર્ટે રિષભ ઉર્ફે ગોલુ વસંતભાઈ જયસ્વાલને ક્રિમિનલ પ્રોસિજર કોર્ડ ની કલમ ૨૩૫ (૨)અન્વયે કસૂરવાર ઠરાવી ૧૩ વર્ષની સખત કેદની સજા અને રૂ.૧ લાખનો દંડ ફટકાર્યો હતો. જો આરોપી દંડ ન ભરે તો વધુ એક વર્ષની સખત કેદની સજા પણ ફરમાવી હતી.જ્યારે કોર્ટે રમેશ વીરસંગભાઈ ભૂરાને પણ આજ કલમ હેઠળ ૧૩ વર્ષની સખત કેદની સજા અને રૂ.૧ લાખનો દંડ ફરમાવ્યો હતો. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ એક વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. ઉપરાંત ત્રીજા આરોપી યમનઅલી યાકુબઅલી અલીને પણ કોર્ટે કસૂરવાર ઠેરવી ૧૩ વર્ષની સખ્ત કેદ અને રૂ.૧ લાખનો દંડ ફટકાર્યો હતો. જો આરોપી દંડ ન ભરે તો વધુ એક વર્ષની સખત કેદની સજા ફરમાવી હતી.કોર્ટે જણાવ્યું હતું કે ત્રણેય આરોપીઓએ કાચા કામના કેદી તરીકે જેટલા દિવસો જેલમાં વિતાવ્યા હોય તેટલા દિવસો સજામાં મજરે આપવા તેવો હુકમ પણ કર્યો હતો.કોર્ટે આ ઉપરાંત જણાવ્યું હતું કે ચોથા આરોપી ઈશ્વરભાઈ સોમાભાઈ પરમાર ચાલુ ટ્રાયલે ગુજરી ગયા હોવાથી તેમને આ કેસમાં એબેટ કરવામાં આવ્યા છે.

સાયબર ઠગે ૨.૧૬ કરોડ પડાવ્યા

# વડોદરાના સાયબર ઠગે દિગ્ગજ ફાર્મા કંપની સાથે કરી છેતરપિંડી




નવી દિલ્હી,

સાયબર ઠગોની જાળ હવે કોર્પોરેટ સુધી પહોંચી ગઈ છે. જી હાં, હવે તેનો ભોગ ફાર્મા સેક્ટરની કંપની ડો. રેડ્ડીઝ લેબોરેટરીઝ લિમિટેડ બની છે. આ કંપનીએ એક મોટા કોર્પોરેટ સાયબર છેતરપિંડીનો શિકાર થવું પડ્યું છે. હેકર્સે તેની સાથે જોડાયેલી એક કંપનીના અધિકારીના રૂપમાં પોતાને રજૂ કર્યો અને એક બીજી કંપનીમાં જનાર ૨.૧૬ કરોડ રૂપિયાની રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી.

મીડિયા રિપોર્ટ પ્રમાણે જ્યારે અધિકારીઓને છેતરપિંડીનો ખ્યાલ આવ્યો, ત્યારે બેંગલુરૂ સિટી સાયબર ક્રાઈમ પોલીસમાં ૫ નવેમ્બરે FIR દાખલ કરાવવામાં આવી છે.

એફઆઈઆર પ્રમાણે ગ્રુપ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના મહેશ બાબુ કે. એ આ ફરિયાદ દાખલ કરાવી છે. તેમણે જણાવ્યું કે ડો. રેડ્ડીઝ લેબોરેટરી તરફથી તેમને ૨.૧૬ કરોડ રૂપિયા મળવાના હતા, જે તેમના દ્વારા સપ્લાય કરવામાં આવેલા સામાનના બદલામાં હતા. પરંતુ હેકર્સે બંને કંપનીઓ વચ્ચે ઈમેલ વાતચીતને વચ્ચે હેક કરી લીધો.પછી હેકર્સે ૩ નવેમ્બરે ડો. રેડ્ડીઝની ફાઈનાન્સ ટીમને એક નકલી મેલ મોકલ્યો હતો. આ નકલી ઈમેલ એક એવા સરનામાથી આવ્યો હતો જે હકીકતમાં અસલી જેવું લાગી રહ્યું હતું. અસલી ઈમેલ 'kkeshav@grouppharma.in' હતું, જ્યારે હેકર્સે 'KKeshav @Grouppharma.in' નો ઉપયોગ કરો. આ ઈમેલમાં ડો. રેડ્ડીઝની ફાઈનાન્સ ટીમને નિર્દેશ આપ્યો કે તે પૈસા એક અલગ બેંક ઓફ બરોડાના ખાતામાં ટ્રાન્સફર કરી દે. ફાઈનાન્સ ટીમે તેને અસલી સમજી ખાતામાં પૈસા ટ્રાન્સફર કરી દીધા હતા.બાદમાં જ્યારે ગ્રુપ ફાર્માસ્યુટિકલ્સને આ છેતરપિંડીની જાણ થઈ તો તેણે પોલીસનો સંપર્ક કર્યો હતો. તેમણે પોલીસ પાસે નકલી ખાતાને ફ્રીજ કરવા અને પૈસા પરત અપાવવાની વિનંતી કરી હતી. FIR માં તે પણ જણાવવામાં આવ્યું કે આ છેતરપિંડીને અંજામ આપનાર આરોપી ગુજરાતના વડોદરામાં સ્થિત છે.પોલીસે આ મામલામાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ (Information Technology Act) ની કલમ 66(C) અને 66(D) હેઠળ કેસ દાખલ કર્યો છે. આ કલમોમાં ઓળખની ચોરી અને નકલ દ્વારા છેતરપિંડીનો સમાવેશ થાય છે. આ સિવાય ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસ આ કેસની તપાસ કરી રહી છે.

૧૧૦૨ દીકરીઓને સહાયની જાહેરાત

# સુરતના ઉદ્યોગપતિની ૭૫૦૦ ગણોત ખેડૂત માટે સહાયની જાહેરાત કરી




"હિરાબા નો ખમકાર" અભિયાન હવે લોક અભિયાન બન્યું

સુરત,

સુરતના ઉદ્યોગપતિની ૭૫૦૦ ગણોત ખેડૂત માટે સહાયની જાહેરાત કરી છે. આ ઉદ્યોગપતિ એક ખેડૂતને રૂ.૭,૫૦૦ ચૂકવશે. તેમજ 'હિરાબાનો ખમકાર' હેઠળ ૧૧૦૨ દીકરીને શિક્ષણ સહાય આપવામાં આવી. દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરાયેલ "હિરાબા નો ખમકાર" અભિયાન હવે લોકઅભિયાનનું સ્વરૂપ ધારણ કરી રહ્યું છે.

સુરતના જાણીતા ઉદ્યોગપતિ પિયુષભાઈ ભૂરાભાઈ દેસાઈ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫મા જન્મદિવસ નિમિત્તે શરૂ કરાયેલી આ પહેલ અંતર્ગત અત્યાર સુધી ૫૫૧ વ્યક્તિઓને શિક્ષણ સહાય આપવામાં આવી હતી, જ્યારે આજરોજ વધુ ૫૫૧ દીકરીઓને સહાય અર્પણ કરતાં કુલ લાભાર્થીઓની સંખ્યા ૧૧૦૨ સુધી પહોંચી ગઈ છે. આ સાથે કમોસમી વરસાદના કારણે ખેડૂતોને થયેલા નુકસાનને લઈને પણ પિયુષ દેસાઈએ મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે તેઓ દ્વારા ૭૫૦૦ ગણોત ખેડૂતોને પ્રતિ ખેડૂત ૭૫૦૦ રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવશે.

ચેમ્બર ઓફ કોમર્સ ખાતે આયોજિત કાર્યક્રમમાં ધનતેરસના શુભ દિવસે દરેક દીકરીને રૂ. ૭,૫૦૦ની શૈક્ષણિક સહાય આપવામાં આવી હતી. આ રીતે અત્યાર સુધીમાં કુલ રૂ. ૪૧,૩૨,૫૦૦ની સહાય વિતરણ કરવામાં આવી છે. કાર્યક્રમ દરમિયાન દીકરીઓ અને તેમના માતાપિતાના ચહેરા પર આનંદ અને ગૌરવની ઝલક જોવા મળી હતી. પિયુષભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, "દીકરીને શિક્ષણ આપવું એ રાષ્ટ્રના ભવિષ્યને મજબૂત બનાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે. હિરાબાના આશીર્વાદથી આ યજ્ઞ સતત આગળ વધારવાનો મારો સંકલ્પ છે." તેમણે જણાવ્યું કે આ અભિયાન દ્વારા કુલ ૨૧,૦૦૦ દીકરીઓને શિક્ષણ સહાય પહોંચાડવાનો અને તેના માટે કુલ રૂ. ૧૫૭૫ કરોડની સહાય વિતરણ કરવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે. કાર્યક્રમમાં ઉપસ્થિત ઉદ્યોગપતિઓ, સમાજસેવી અને શિક્ષણપ્રેમી વ્યક્તિઓએ પિયુષભાઈની આ અનોખી પહેલને બિરદાવી હતી અને તેને સમાજના અન્ય ઉદ્યોગપતિઓ માટે પ્રેરણારૂપ ગણાવી હતી.ઉલ્લેખનીય છે કે, મૂળ બનાસકાંઠા જિલ્લાના નાણોટા ગામના વતની પિયુષભાઈ હાલમાં સુરતમાં ટેક્સટાઈલ, બિલ્ડિંગ અને ફાઈનાન્સ ક્ષેત્રે સફળ વ્યવસાય કરે છે. તેમ છતાં, સમાજસેવાની ભાવનાથી શરૂ કરાયેલ "હિરાબા નો ખમકાર" અભિયાન તેમની જીવનયાત્રાનું સૌથી સંતોષકારક અને અર્થપૂર્ણ કાર્ય બની રહ્યું છે.

પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથધરી

# બોરસદ હાઈવે પરથી ટ્રકમાં લઈ જવાતો રૂ. ૧૨.૪૮ લાખનો દારૂ ઝડપાયો



આણંદ,

બોરસદ શહેર પોલીસે મળેલી બાતમીના આધારે વોચ ગોઠવી એક ટ્રકનો પીછો કરી તેને બોચાસણ ટોલનાકા પાસે ઝડપી પાડી હતી. તેમાં ગુપ્ત ખાનું બનાવીને રાખવામાં આવેલા રુ. ૧૨,૪૮,૪૮૦નો દારુનો જથ્થો કબ્જે લઈ ડ્રાઈવરની ધરપકડ કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર બોરસદ ટાઉનના પીએસઆઈ એચ. એ.રીપીન, હેકો ખોડુભાઈ, ચતુરસિંહ, પોકો જયદીપસિંહ વગેરે પેટ્રોલીંગમાં હતા. આ દરમિયાન તેમને બાતમી મળી હતી કે ટ્રક નં. એમ.પી. ૯ એચ.એફ. ૯૧૮૮ માં ચોરખાનું બનાવ્યું છે અને તેની અંદર વિદેશી દારુ છુપાવ્યો છે. બાતમીના પગલે પોલીસે બે પંચો તૈયાર કરી બોરસદ હાઈવે ઉપર વાત્સલ્ય ઈન્ટરનેશનલ સ્કુલની સામે વોચ ગોઠવી હતી. તે દરમિયાન વાસદ તરફથી ટ્રક આવી રહી હતી. પોલીસે તેને ઉભા રહેવા ઈશારો કર્યો, પરંતુ ચાલકે ટ્રક ભગાડી મૂકી હતી. એટલે પોલીસે પીછો કર્યો અને ટ્રકને બોચાસણ ટોલનાકા નજીક ઓવરટેક કરી ઝડપી પાડી હતી.પોલીસે ટ્રકમાંથી ચાલકને નીચે ઉતાર્યો તેનું નામ મહેશ ઓમકાર લાલભાટી (રહે. ચૌરાણા. મધ્યપ્રદેશ) હોવાનું ખુલ્યું હતું. પોલીસે તેને સાથે રાખી ઢાંકેલી ત્રાડપત્રી ખોલીને જોયું તો ડ્રાઈવર સીટની પાછળ લોખંડની પ્લેટથી ઉપરના ભાગે નટબોલ્ટ મારી ખાનું બનાવ્યું હતું. જેની અંદર વિદેશી દારુની ૧૫૩ પેટી જેમાં ૭૩૪૪ નંગ બોટલ કિં.રુ. ૧૨,૪૮,૪૮૦નો દારુ ભરેલો હતો. પોલીસે ચાલકની ધરપકડ કરી હતી. અને દારુનો જથ્થો મોકલનાર સહિત બે વ્યકિતઓ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

# પિતાની લૌકિક ક્રિયા બાદ ભાગે પડતી રકમ લઈ જતાં વૃદ્ધ લૂંટાયા



અમદાવાદ,

અમદાવાદ ગ્રામ્યના ધોલેરામાં લૂંટનો બનાવ બનવા પામ્યો છે. એક વૃદ્ધના પિતાનું અવસાન થતાં તે નાસિકથી વતનમાં આવ્યા હતા. અહીં લૌકિકક્રિયા પતાવ્યા બાદ પરિવારજનોએ પિતાના દાગીના વેચીને ભાગ પાડ્યો હતો. વૃદ્ધના ભાગે ૬૦ હજાર આવતા તે લઈને તે પરત નાસિક જઈ રહ્યા હતા ત્યારે ૩૦૦ રૂ. ભાડામાં સુરત લઈ જનાર ઈકો ગાડીના ડ્રાઈવર તથા પેસેન્જરોએ છરી બતાવીને વૃદ્ધને લૂંટી લીધા હતા. ધોલેરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૂળ ભાવનગર નારી ગામના ભનુભાઈ સોલંકી હાલ નાસિક ખાતે રહે છે. ભનુભાઈના પિતાનું અવસાન થતાં તે વતનમાં આવ્યા હતા. લૌકિકકામ પૂરું થયા બાદ પરિવારજનોએ પિતાની સંપતિ પૈકી ઘરેણાં વેચી દીધા હતા. ભનુભાઈના ભાગે દાગીના વેચાણના ૬૦ હજાર આવ્યા હતા. ભનુભાઈ ૬૦ હજાર લઈને ગત તા.૩ નવેમ્બરના રોજ નાસિક જવા નીકળ્યા હતા. આ દરમિયાનમાં એક ઈકો ગાડીના ચાલકે ૩૦૦ રૂ.ના ભાડે સુરત લઈ જવાનું કહીને ગાડીમાં બેસાડ્યા હતા. ધોલેરા પહોંચતા જ ગાડીમાં અગાઉથી બેઠેલા બે શખ્સોએ છરી બતાવીને જે કંઈ હોય તે આપી દે છરી મારતા વાર નહિ લાગે તેમ કહીને ૬૦ હજાર રોકડા લૂંટી લીધા હતા. બાદમાં ત્યાં નજીકમાં આવેલા ગામ પાસે ઉતારીને લૂંટારુઓ નાસી ગયા

જંબુસર તાલુકાના કલક ગામે ચોંકાવનારી ઘટનાથી ગ્રામજનોમાં ફફડાટ

# જંબુસર તાલુકાના કલક ગામના બ્રિજ નીચે ૧૫ જેટલી ગાય મૃત હાલતમાં મળી આવી



અંકલેશ્વર,

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના કલક ગામના બ્રિજ નીચે થી ૧૫ જેટલી ગાય મૃત હાલતમાં મળી આવી છે. જંબુસર તાલુકાના કલક ગામે ચોંકાવનારી ઘટના થી ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. ઘટના અંગે પોલીસને જાણ કરતા પોલીસે પણ તપાસ શરુ કરી હતી. મળતી માહિતી મુજબ, ગૌરક્ષકો દ્વારા સ્થળ પર તપાસ હાથ ધરતાં તેમાંથી મોટી સંખ્યામાં ગૌવંશના મૃતદેહ મળી આવ્યા હતા. તેમાં કેટલીક ગાયો એવી હતી જે અઠવાડિયાથી સારવાર હેઠળ હતી, તો બીજી તરફ સૌથી વધુ વાછરડાના મૃતદેહો મળ્યા હોવાની પણ માહિતી સામે આવી છે. ગૌરક્ષકો માં રોષ ફેલાયો છે. તેમનો આક્ષેપ છે કે, કેટલા પશુપાલકો માત્ર ધંધાદારી હેતુસર ગાયોને દૂધ માટે ઉપયોગ કરે છે, પરંતુ જ્યારે સારવાર કરવાની જરૂર પડે ત્યારે આ ગાયને છોડી દેવામાં આવે છે. તેઓ આગળ કહે છે કે આ ગાયોને ગૌરક્ષકો દ્વારા સારવાર તો આપવામાં આવે છે, પરંતુ ત્યારબાદ માલિક તેમની કાળજી રાખતા નથી, જેને તેઓએ "એક પ્રકારની ગૌહત્યા" ગણાવી છે.હાલ ગૌરક્ષકો દ્વારા સ્થળ પરથી મળેલા તમામ મૃતદેહોનો નિકાલ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

Printed, Published and Owned by **Raval Prakash Jagdish** and Printed at **Gujarat Garjana Offset**, B/13, Shri Sainath Ind. Estate, Nr. G.D. High School, B/h. Kubereshwar Mahadev Saijpur Bogha, Naroda Ahmedabad-382345. Published From - 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007. Editor :- **RAVAL PRAKASH JAGDISH**

C.M.Y.K. C.M.Y.K. C.M.Y.K.